ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી પ્રબંધમાળા.

શિક્ષાવચન.

નીતિ અને ભક્તિ

વધારવા માટે

સુધારા વધારા સાથે છપાવી પ્રકટ કરનાર,

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી

આસિ. સેક્રેટરી હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ,

અમદાવાદ.

આવૃત્તિ દસમી. પ્રત ૧૦૦૦.

અમદાવાદ.

ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

સંવત ૧૯૬૭. સને ૧૯૧૦.

કીમત એક આનો.

શિક્ષાવચન.

પાઠ ૧ લો.

અભંગ.

અમે સહુ બાળ, અમારી સંભાળ;
કરો સર્વ કાળ, પ્રભુ તમે. ૧
રાખો નિરંતર, અમારા ઉપર;
દયાની નજર, માય બાપ. ૨
બાળક અજ્ઞાન, છિયે બળહીન;
અમારૂં પાલન, કરો દેવ. ૩
કરો છો રક્ષણ, સર્વ કાળ જેમ;
સારી મતિ તેમ, આપો તમે. ૪

દોહરા.

શોભે નવ વિદ્યા વિના, હોય રૂપાળો જેહ;
કેસુડાં નહિ શોભશે, વાસ વિનાનાં તેહ. ૫
એક એક અક્ષર ભણ્યે, મોટો ગ્રન્થ ભણાય;
ડગલું ડગલું ચાલતાં, લાંબો પંથ કપાય. ૬
હળી મળીને હેતથી, સંપી રહો સદાય;
માનો કહ્યું માબાપનું જેથી બહુ સુખ થાય. ૭

પાઠ ૨ જો.

અભંગ.

પ્રભુ શુભ નામ, કરૂં હું ઉચ્ચાર;
સ્મરૂં ઉપકાર, તમારા હું. ૧
બાળકની વાત, માતા જાણે જેવી;
તમે જાણો તેવી, ઇચ્છા મારી. ૨
શુભ મતિ આપો, કષ્ટ સર્વ કાપો;
બાળો સર્વ પાપો, દયા ધારી. ૩

અભંગ.

માતપિતા સેવા; કરવી ઘટિત;
પાળવી પ્રીતિથી, આજ્ઞા તેની. ૧
બાળપણમાં તે, કેવી કરે રક્ષા;
આપે ધર્મ શિક્ષા, સદા કાળ. ૨
સંકટ સહીને, આપે વિદ્યાદાન;
સદા શુભ ચાહે, પ્રજાનું તે. ૩
સુપ્રજા છે એજ, માતા પિતા ભક્તિ;
કરી પાળે નીતિ, તે જે કહે. ૪

દોહરા.

શરીર ચોખું રાખવા, નિર્મળ નીરે નાહો;
ચોખાં વસ્ત્રો પેરીને, નિત્ય નિશાળે જાઓ. ૧
ચોખું રાખો આંગણું, તેમજ ઘર ને બાર;
ચોખી રાખો ચોપડી, એજ સરસ શણગાર. ૨
સુગરી માળામાં રહે, મધપુડામાં માંખ;
રચના સ્વચ્છ નિહાળીને ચોખી ચીજો રાખ. ૩
કલમ પકડજો કળથકી, જેથી સ્વચ્છ લખાય;
મહેતાજી જોઇ અક્ષરો, મનમાં રાજી થાય. ૪

પાઠ ૩ જો.

જુઓ જગકર્ત્તા, કેવો છે કૃપાળ;
કરે પ્રતિપાળ, પ્રાણિયોનું. ૧
પ્રાણી પોષણાર્થે, સૃજી વનસ્પતિ;
કીધી ફળવતી, પૃથિવીને. ૨
સર્વ ઉપયોગી, સૃજી વસ્તુ માત્ર;
નથી તિલ માત્ર, નિરર્થક. ૩

ભુજંગી.

કુટુંબીજનો સર્વ મિત્રો અમારા,
રહે તે શરીરે સુખી સર્વ સારા;
સદા સૂચવો તેમને સદ્વિચાર,
જગાધીશને વંદીએ વારવાર. ૧
સદાચાર નીતિ અમે આચરીએ,
તમારા સદા ઉપકારો સ્મરીએ;
કરો તેજ ભક્તિ તમે અંગિકાર,
જગાધીશને વંદીએ વારવાર. ૨

દોહરા.

પ્રભુ નજરે તો નવ પડે, ઉચરે નહિ ઉચ્ચાર;
જગ રચનાથી જાણિયે, જે છે જગકરતાર. ૧
ઉપરી વિના નિશાળનો, રહે ન બંદોબસ્ત;
કેમ નિભે તો પ્રભુ વિના, વિશાળ સૃષ્ટિ સમસ્ત. ૨
જેણે પ્રાણી જનમતાં, પહેલું પ્રગટ્યું દૂધ;
એ પ્રભુને નહિ ઓળખે, એથી કોણ અબુદ્ધ. ૩

અભંગ.

મનુષ્ય પ્રાણીને, આપ્યું છે સાધન;
કરવા જીવન ઉદ્યોગથી. ૧
ઉદ્યોગ વિનાનો, રહે કોઇ જન;
થાય તે નિર્ધન, પરિણામે. ૨
આળસ છે સર્વ, પાપતણું મૂળ;
જાણો જન્મ ધૂળ, આળસુનો. ૩
સૃષ્ટિનો નિયંતા, આપે યોગ્ય શિક્ષા;
જુએ છે પરીક્ષા, મનુષ્યની. ૪

પાઠ ૪ થો.

અભંગ.

જેની કરૂણાથી, પવન વહે છે;
વૃષ્ટિ વરસે છે, યથા કાળ. ૧
જેના નિયમો છે, સકળ અચળ;
પરાક્રમ બળ, છે અતુલ. ૨
જેની શુભ ઇચ્છા, થકી થઇ સૃષ્ટિ;
પ્રેમમય દૃષ્ટિ, સર્વત્ર છે. ૩
એવા પ્રભુને હું, વારંવાર વંદું;
પ્રભુ નવ ભૂલું, સદા કાળ. ૪

લલિત.

પ્રણમું હું પ્રભૂ પ્રેમથી સદા, સુમતિ આપશો દેવ સર્વદા;
પ્રભુ બતાવશો પંથ પાંશરો, કરૂણુસાગરા રે કૃપા કરો. ૧
અનુગ્રહો કિધા ને કરો સદા, સરવ ટાળશો દુઃખ આપદા;
અતિ દયા કરી દુર્મતી હરો, કરૂણુસાગરા રે કૃપા કરો. ૨
શુભ ગુણો સદા નાથ આપશો, મન મલીનતા કાપી નાખશો;
પતિતપાવના પાપ સૌ હરો, કરૂણુસાગરા રે કૃપા કરો. ૩
પરમ પ્રેમથી પ્રાર્થના કરૂં, હૃદયમાં દયાસિંધુને સ્મરૂં;
ઘટિત કામના ભક્તની પુરો, કરૂણુસાગરા રે કૃપા કરો. ૪

મનહર છંદ.

પવન પ્રગટ નહિ પેખવામાં આવે પણ,
ઝાડોને હલાવે તેથી પવન જણાય છે;
નદી મધ્યે નીરતણું નિરખી નવીન પૂર,
દૂર વરસાદ થયો દિલમાં મનાય છે;
દૂર દિસે દેવતા તે દૃષ્ટિએ દેખાય નહિ,
ધુમાડો દેખીને દૂર દેવતા ધરાય છે;
તેમ કરતારતણાં કામ દલપતરામ,
દેખી કરતાર છે એવું કહી શકાય છે. ૧
કોઇ પણ કારખાનું કદાપિ ન નભી શકે,
જો તેને સંભાળનાર હોય નહિ કોઇએ;
આ તો છે અનંત કોટી સૃષ્ટિતણું કારખાનું,

જરૂર સંભાળનાર તેનો કોઇ જોઇએ;
સર્વ એ સંભાળે એવો આપે એક ઈશ્વર છે,
તે પ્રભુનું હૃદયમાં ધ્યાન નિત્ય ધારીએ;
કહે દલપતરામ તેનાં કામ ઠામ ઠામ,
જોઇને જરૂર ખોટો સંશય તે ટાળીએ. ૨

ચોપાઈ.

અધિક હેતથી કહું છું અમો, તે રીતે આચરજો તમો;
માત તાતની સેવા કરો, અહંકાર મનમાં નવ ધરો. ૧
ભાંડું ઉપર રાખો ભાવ, હળી મળીને લેજો લાવ;
ચાકર ઉપર ન કરો ક્રોધ, રૂડી રીતે દેજો બોધ. ૨
પરદુ:ખ દેખી ન રાજી થાઓ, પણ દુખીઆંની વારે ધાઓ;
જીવહિંસાથી બીજો ઘાણું, રક્ષણ કરજો પ્રાણીતણું. ૩
સાચી વાતે થાજો શૂર, જૂઠ વાત નવ ધરશો ઊર;
કરજો પરમારથનાં કાજ; સજીને સદ્ગુણ કેરો સાજ. ૪

પાઠ ૫ મો.

વસંતતિલકા.

જેને પ્રસન્ન કરવા જન ધર્મ પાળે,
જેને પ્રસન્ન કરવા દિલ દોષ ટાળે;
સર્વે તણો જન કહે અધિનાથ જેને,
તે એક ઇશ્વર સદા નમું નિત્ય તેને. ૧

જેનો ન હોત ડર તો જન દુષ્ટ થાત,
અન્યોન્ય ઘાત કરીને અતિ તે પિડાત;
કષ્ટે દયા કરી ન દે સુખ કોઈ કેને,
તે એક ઇશ્વર સદા નમું નિત્ય તેને. ૨
જૂઠું વદે નહિ જીભે જન પાપ જાણી,
લૂંટે નહિ ગરીબને અતિ લોભ આણી;
રાખે દિલે ડર રૂઠે પ્રભુજી રખેને,
તે એક ઇશ્વર સદા નમું નિત્ય તેને. ૩

લલિત.

પ્રણમિને કૃપાનાથને ભજું, દુરિત વાસના સર્વ હું તજું;
પ્રભુ બચાવશો પાપ કર્મથી, શરણ રાખશો રે દયાનિધિ. ૧
સકળ કાર્યમાં તું સહાયતા, અતિ અવશ્ય છે રે જગત્પિતા;
સકળ સુક્રિયા થાય તું થકી, શરણ રાખશો રે દયાનિધિ. ૨
જગતમાં સહુ વસ્તુઓ વિષે, ઘટિત યોજના નાથની દીસે;
સ્તુતિ નહીં થશે અલ્પ જીવથી, શરણ રાખશો રે દયાનિધિ ૩
હૃદયમાં રૂડું ધ્યાન હું ધરૂં, પ્રભુ ઉપાસના પ્રેમથી કરૂં;
નવ બીજો પ્રભૂ જાણું હું વિધિ, શરણ રાખશો રે દયાનિધિ. ૪
અસત માર્ગથી વૃત્તિ વાળશો, દિન ગણી દયાનાથ પાળશો;
ભવપતિ કરો આત્મ ઉન્નતિ, શરણ રાખશો રે દયાનિધિ. ૫

દોહરા.

ધર્મ વિના ધરણી વિષે, રહે ન નીતિ લેશ;
જુલમ વધે જગમાં ઘણો, વધે વિશેષ કલેશ. ૧
જો ઇશ્વરનો ડર મટે, થાય સત્યનો નાશ;
કોઇ ન રાખે કોઇનો, વિશ્વ વિષે વિશ્વાસ. ૨
જેવી જરૂર રાજની, તેવી ધર્મતણીજ;
રાજ વિના ને ધર્મ વિણુ, ઘાતો થાય ઘણીજ. ૩
પરોપકાર સુધર્મ છે, સુધર્મ બીજું સત્ય;
જગમાં એવા ધર્મની, અતિશે દિસે અગત્ય. ૪
તે આશા કે ત્રાસથી, પ્રીતે ધર્મ પળાય;
પરમેશ્વર પર પ્રેમથી, સુધર્મ પંથ ચલાય. ૫
ધર્મ નિયમ પાળ્યા વિના, પ્રભુ ભજવા તે વ્યર્થ;
ઓસડ સેવ્યે શું થશે, પળાય નહિ જો પથ્ય. ૬

અભંગ.

સર્વ ભૂતદયા, ક્ષમા દાન દમ;
સાધારણ ધર્મ, કહ્યા શાસ્ત્રે. ૧
પર ઉપકાર, મુખ્ય પુણ્ય કર્મ;
કહે સર્વ ધર્મ, એ સિદ્ધાંત. ૨
જન હિતકારી, કર્મ જો કરાય;
સફળ મનાય, જન્મ તેનો. ૩
શિક્ષાનાં વચન, માનીને ચલાય;
સત્ય પ્રાપ્ત થાય, પ્રભુપ્રેમ. ૪
પ્રભુ મને પ્રેરો, પુણ્ય આચરણ;
આવ્યો છું શરણ, તમારે હું. ૫

શિખરિણી.

સવારે ઉઠીને શરીર મન શુદ્ધિ કરી અને,
નિરાંતે એકાંતે ઘડીભર ઠરી તું હરિ ભજે;
પછી બીજે કામે વળગ રૂડિ રીતે જ્યમ રૂચે,
પરંતુ નીતિને કદિ નવ વિસારીશ જીવરે. ૧

દોહરો.

કર્યાં પાપ પ્રભુ માફ કર, થતાં પાપ અટકાવ;
સ્વાર્થ વિના જન હિત કરૂં, પ્રસંગ એવા લાવ. ૧

પાઠ ૬ ઠ્ઠો.

હિંદી.

જેની શક્તિ સકળ વિશ્વ વિષે વ્યાપી,
નિયમ જેના નવ કો શકે ઉથાપી;
જેની ઇચ્છા થકી જગતતંત્ર ચાલે,
દયાદૃષ્ટિ કરી સૃષ્ટિ સકળ પાળે. ૧
જેની સત્તા થકી સકળ કાર્ય થાય,
કળા જેની કોથકી નવ કળાય;
સદા તેનું શુભ સ્તવન ભજન ગાઉં,
પરમ પ્રેમ થકી શરણ તેને જાઉં. ૨

લલિત.

સકળ વિશ્વના નાથ રે તમે શરણ આવીને વંદીએ અમે
મનુષ અલ્પ તે શું કરે સ્તુતિ, ગહન તારી છે રે પ્રભૂ ગતિ. ૧
નમી નમી અમે વિશ્વનાથને, વિનવીએ સદા માત તાતને;
પ્રભુકળા કળાતી નકી નથી, ગહન તારી છે રે પ્રભૂ ગતિ. ૨
ક્ષણજ માત્રમાં શું થશે અહીં, દીન અમે જીવો જાણીએ નહીં;
અતિ તમારી છે રે ચમત્કૃતિ, ગહન તારી છે રે પ્રભૂ ગતિ. ૩
દૃઢ જનો કદિ ધૈર્ય ના મુકે, જન હિતાર્થનાં કાર્ય ના ચુકે;
તુજ કૃપા થકી થાય ના ક્ષતિ, ગહન તારી છે રે પ્રભૂ ગતિ. ૪
નિયમ તાહરા જે વિધે હશે, સુખ દુઃખો ક્રમે પ્રાપ્ત તો થશે;
વિપતિ સંકટે દ્યો તમે ધૃતિ, ગહન તારી છે રે પ્રભૂ ગતિ. ૫

મનહર છંદ.

ભેદ જાણ્યા વિના દેખાદેખી જે ભજન કરે,
તેથી તો પરમપદ પામે નહિ કોઇએ;
સમજ્યા વિનાનો શુક રટે જેમ રામ નામ,
આમ કરવાથી તો વખત ખાલી ખોઇએ;
જેમ એક શ્વાન રોતું દેખી બીજાં શ્વાન રૂએ,
હૃદયમાં જાણે નહિ જે આ કેને રોઇએ;
દાખે દલપતરામ પ્રભુ નહિ રીઝે આમ,
જો વિચારશક્તિ હોય તો વિચારી જોઇએ. ૧

દોહરા.

ચાલે બળદ ઇશારતે, હાંકનારથી જેમ;
સૃષ્ટિના નિયમો થકી, સ્વધર્મ સમજો તેમ. ૧
તેમ સૃષ્ટિના નિયમથી, જે ચાલે વિપરીત;
ઇશ્વરની ઇચ્છા થકી, વિરૂદ્ધ એજ ખચીત. ૨
તનપર ચાલે હુકમ પણ, મનપર હુકમ ન થાય;
સંશય ભાગે સર્વથા, મનમાં તો જ મનાય. ૩
આશ ત્રાસ કે શરમથી, કરશે જીભ કબૂલ;
પણ મન તો ખાતરિ વિના, માને નહિ બિલકૂલ. ૪

મનહર છંદ.

કુળનું કંગાલપણું, રહે છે કુસંગ સાથે,
સંપ સાથે સમૃદ્ધિ, સદા વિદાય થાય છે;
રિદ્ધિ ને સિદ્ધિ બંને, આવે છે ઉદ્યોગ સાથે,
આળસ સંઘાતે તો, દરિદ્રતા દેખાય છે;
કંજુસાઇ સાથે સદા, ઉપજે છે અપજશ,
જશ તો ઉદારતાની, સાથે વધી જાય છે;
જૂઠ સાથે અવિશ્વાસ, આવે દલપત્ત કહે,
સત્ય સાથે શાહુકારી, બહુધા બંધાય છે. ૧

દોહરા.

લેવડ દેવડ ને વળી, વિવિધ ભાત વ્યવહાર;
ચાલે છે આ જગતમાં, સત્ય તણે આધાર. ૧
સત્યપણું જો સર્વથા, નિશ્ચે પામે નાશ;
તો સુખની સંસારમાં, અલ્પ ન ધરવી આશ. ૨
સત્ય ધર્મનું સત્વ છે, અધર્મ સત્વ અસત્ય;
સદા સર્વદા સત્યની, અતિશે દીસે અગત્ય. ૩
સ્વપ્ને પણ સાચું વદે, જૂઠ ન વદે જરાય;
સત્યવાદી સંસારમાં, શોભે અધિક સદાય. ૪
જે જન કદિ જૂઠો પડે, એક વાર કો ઠામ;
સુણતાં સંશય ઉપજે, તેના બોલ તમામ. ૫
જૂઠી વાતે જો કદી, મૂઠી મળે અનાજ;
ઉઠી એમાં આગ તો, રૂઠી ઉઠે રાજ. ૬

દોહરા.

જેને આપ્યા હાથ પગ, છે તેને ઉદ્યોગ;
તરૂને જન્મે ત્યાં જ છે, ખાનપાન સુખ ભોગ. ૧
જો જન રાખત એકલો; ઇશ્વરપર આધાર;
તો વાસણ ને વસ્ત્ર વળી, બનત નહિ ઘરબાર. ૨
જનશ્રમને ઇશ્વરકૃપા, સદૈવ જોઇએ સાથ;
ખેતર વાવે શ્રમ કરી, ઉગાડવું હરિ હાથ. ૩

જન આળસના જખમથી, જે કોઇ જખમી થાય;
પડે પથારી પાથરી, જીવન રહિત જણાય. ૧
ભ્રષ્ટ કરે ભણનારને, ઉપજી આળસ અંગ;
ભક્તિ કરતાં ભક્તને, કરે ભજનમાં ભંગ. ૨
અર્ધ ઘડી પછી જઇશ હું, દેતી દિલાસા એમ;
એમ ખસેડી નવ ખસે, જળોજ વળગી જેમ. ૩
આળસમાં દુઃખ અતિ ઘણાં, ભર્યાં રહે ભરપૂર;
તે માટે સજ્જન તમે, કરો દેહથી દૂર. ૪

પાઠ ૭ મો.

ઉપજાતિ છંદ.

જગત્ બધું જે બળથી પ્રકાશે.
જેના પ્રતાપે સ્થિતિમાં જ ભાસે;
કૃપા અતિશે જગમાં જણાય,
જેની કળાઓ ન કદિ કળાય. ૧
એવા પરાત્મા રહી સાક્ષી રૂપ,
જૂએ જગતની રચના અનુપ;
નમું નમું તે પ્રભુ આદિ દેવ,
એકાગ્ર ચિત્તે કરૂં નિત્ય સેવ. ૨

ભુજંગી.

તમારા થકી સૃષ્ટિ વિસ્તાર પામી,
તમે પૂર્ણ રૂપે રહ્યા છો વિરામી;
જગત્તંત્ર સર્વે તમારે જ હાથ,
અમે દંડવત્ વંદિએ વિશ્વનાથ.
ત્રિલોકે તમારા પ્રકાશે પ્રતાપો,
સદા સર્વદા ચિત્તને શાંતિ આપો;
વિભૂ વિશ્વ વ્યાપી વિદારો વિષાદ,
અમે દંડવત્ વંદિએ વિશ્વનાથ. ૨
અમારે ખરો આશરો છે તમારો,
કૃપાનાથ નિત્યે કરો ઉપકારો;
પ્રભુ સર્વના છો તમે માત તાત,
અમે દંડવત્ વંદિએ વિશ્વનાથ. ૩
અમારી સ્વીકારો સદા વંદનાઓ,
કૃપાથી કરો સર્વ પાપ ક્ષમાઓ;
સદા સન્મતિ પ્રેરશો પ્રાણનાથ,
અમે દંડવત્ વંદિએ વિશ્વનાથ. ૪

લલિત.

જગત નાથ રે નમ્ર થૈ અમે, વિનય ભાવથી વંદીએ તને;
શ્રવણ આ કરો સ્વલ્પ પ્રાર્થના, પ્રભુ કૃપાનિધે રે દયાઘના. ૧
મનુષ્યને દિધી શ્રેષ્ટ સર્વથી, સત અસત્યના જ્ઞાનની મતિ;
દૂર કરો પ્રભુ દુષ્ટ વાસના, પ્રભુ કૃપાનિધે રે દયાઘના. ૨

વિપતિ કાળમાં ધૈર્ય આપશો, પ્રભુકૃપા કરી કષ્ટ કાપશો;
તુજ દયા વિના સર્વ છે વૃથા, પ્રભુ કૃપાનિધે રે દયાઘના. ૩
જનહિતાર્થનાં, કાર્ય જો થશે, પ્રભુ પ્રસન્ન તો તે થકી થશે;
નવ ગમે તને ઢોંગ ગર્વના, પ્રભુ કૃપાનિધે રે દયાઘના. ૪
જગતમાં રહી, નીતિ પાળીએ, સુકૃતમાં સદા કાળ ગાળીએ;
અતિ વરિષ્ટ છે, એ ઉપાસના, પ્રભુ કૃપાનિધે રે દયાઘના. ૫

દોહરા.

સાત વેંતના સર્વ જન, કિમ્મત અક્કલ તુલ્ય;
સરખા કાગળ હુંડીના, આંક પ્રમાણે મૂલ્ય. ૧
વગર બુદ્ધિએ જોરથી, થતું હોત જો કાજ;
વાઘ વરૂ ને વાંદરાં, કરત જગતમાં રાજ. ૨
બુદ્ધિ વગરનું માનવી, સમજો પશુ સમાન;
વાનરને પણ છે જુઓ, હાથ પાય મુખ કાન. ૩
તે ઇશ્વર બુદ્ધિ તને, દિલમાં જો નહિ દેત;
તું સૃષ્ટિમાં શું કરત, ચેત ચેત નર ચેત. ૪
જે ચેતે નહિ પ્રથમ તે, પશુ પક્ષીથી હીણ;
ઘન પહેલાં માળા રચે, પક્ષી જુઓ પ્રવીણ. ૫
દરદ લગારક દેખીને, ચેતે ચતુર સુજાણ;
મૂરખ મન સમજે નહીં, પડતાં સુધી પ્રાણ. ૬

ચોપાઈ.

કરીએ દિવસે એવું કામ, રાતે જેથી થાય વિરામ;
સાલે નહિ અંતરમાં સાલ, પાણી પહેલા ચણીએ પાળ. ૧
ઉનાળે શિયાળે એમ, તેવો ઉદ્યમ કરીએ તેમ;
વસીએ સુખમાં વર્ષાકાળ, પાણી પહેલી ચણીએ પાળ. ૨
જોબનમાં રાખીએ જોર, કરીએ ઉદ્યમનો અંકોર;
હોય વૃદ્ધપણે ન બેહાલ, પાણી પહેલી ચણીએ પાળ. ૩
લાગે જ્યારે ઘરમાં લ્હાય, ખોદે કૂવો નહિ ખોદાય;
સદા પ્રથમ કરીએ સંભાળ, પાણી પહેલી ચણીએ પાળ. ૪

દોહરા.

રાત પડે ગઈ કાલનું, કામ વિચારૂં રોજ;
ક્યાં પાપ ને પુણ્યમાં, શી મારી મેં મોજ. ૧
ઉઠી પ્રભાતે કામની, યાદિ કરૂં હમેશ;
કામ પુણ્યનાં કરિ બહુ, સંતોખું પરમેશ. ૨
સ્વભાવ જૂદા સર્વના, તે નહિ મળે તમામ;
કો સારૂં નરસું કહે, કર તું તારૂં કામ. ૧
સજ્જન તણી સલાહ લૈ, ઠીક કરી મન ઠામ;
ભાસે જે તુજને ભલું, કર તું તારૂં કામ. ૨
આળસ તજી અહોનિશ, હઇડે રાખી હામ;
સર્વેનું શુભ ચાહીને, કર તું તારૂં કામ. ૩

આરંભ્યું પૂરૂં કરી, વળતી લે વિશ્રામ;
વચમાં વાત ન સાંભળી, કર તું તારૂં કામ. ૪
નિંદા સ્તુતિ નવ ગણો, કરો આપ શુભ કાજ;
કર્યા જાય છે કામ નિજ, જેમ મેહ રવિરાજ. ૫
સલાહ સારી સર્વદા, દે છે દલપતરામ;
નિર્મળ મન નિશ્ચય કરી, કર તું તારૂં કામ. ૬

પાઠ ૮ મો.

માલિની છંદ.

અતિ ગહન પ્રભાવે, વિશ્વવિસ્તાર કીધો,
મનુષ સરસ જાણી, બુદ્ધિસંસ્કાર દીધો;
નમિ નમિ નમિ નિત્યે, ભક્તિ સન્માર્ગ માગું,
વિનયયુત થઈને નાથ, હું માફ માગું. ૧
નહિ નહિ કદિ જાણે, જીવ તારા વિચાર,
નહિ નહિ કદિ પામે, પાર તારો અપાર;
અકળ સકળ તારી, છે કળાઓ અગાધ,
શુભ ગુણયુત વંદું, સર્વ લોકાધિનાથ. ૨

લલિત છંદ.

પરમ દેવ રે, હે દયાઘના, અનુગ્રહો કરો, છો તમે સદા;
નમિ નમી કરૂં, નિત્ય વંદના, પ્રભુ હું માગું છું, પાપની ક્ષમા.
પ્રભુ કૃપા કરી, રક્ષણો કરો, દિનતણી સ્થિતી લક્ષમાં ધરો;
નથી શરણ્ય કો, નાથ તું વિના, પ્રભુ હું માગું છું, પાપની ક્ષમા.

અતિ મલીનતા, છે મતિ વિષે, પ્રભુ કૃપા થકી, શુદ્ધ તો થશે;
પ્રભુ કરો કૃપા-દૃષ્ટિ સર્વદા, પ્રભુ હું માગું છું, પાપની ક્ષમા. ૩
ગણતરી નથી, દુષ્કૃતિ તણી, તદપિ નાથની, છે દયા ઘણી;
ભવપતિ સુણો, સ્વલ્પ પ્રાર્થના, પ્રભુ હું માગું છું, પાપની ક્ષમા. ૪

રામગ્રી.

'ભૂલી ભમે છે ભામિનિ'-એ રાહ.

ધર્મ વિચારો રે ઘર થકી, તજી કપટ તમામ;
પડતાં વારે જે પાપમાં, ધર્મ તેનું છે નામ. ધર્મ૦ ૧
સત્ય દયા તપ શુદ્ધતા, પગ ધર્મના ચાર;
જેના હૃદયમાં એ રહ્યા, ઉત્તમ તેનો આચાર. ધર્મ૦ ૨
ચાર ચરણ છે અધર્મના, વ્હેમ, મદ ને કુસંગ;
અસત્ય પેસે જો અંગમાં, કરે ધર્મનો ભંગ. ધર્મ૦ ૩
સત્ય વસે જો શરીરમાં, સૂઝે સાચો વિચાર;
બુદ્ધિપ્રકાશ વધે બહુ, ઝાલે કર કરતાર. ધર્મ૦ ૪
અતિ મહિમા સારી આબરૂ, પામે સાચા સુજાણ;
જશ બહુ વાધે જગતમાં, કરે વિશ્વ વખાણ. ધર્મ૦ ૫
રાખે ભરૂંસો ભૂપતિ, ભારે સોંપે ભંડાર;
સાચાને મળવો સહેલ છે, પ્રભુ સરજનહાર. ધર્મ૦ ૬
સાચ વસે જો શરીરમાં, પ્રાણી હોય પવિત્ર;
સદ્ગુણ સઘળા સાચમાં, માને માનવ મિત્ર. ધર્મ૦ ૭

જીવ ઉપર દયા જેહને, ટાળે દીનનાં દુઃખ;
તન ધન ને વાણી વડે, આપે સર્વને સુખ. ધર્મ૦ ૮
ઇચ્છે ભલું અંતર વિષે, કરવા સહુ કલ્યાણ;
અણુગુણ ના ધરે ઉર વિષે, દયા તેજ પ્રમાણ. ધર્મ૦ ૯
સફળ જનમ તે જન તણો, તેના સફળ વિચાર;
દેહ ધરી દુનિયા વિષે, ઇચ્છે પર ઉપકાર. ધર્મ૦ ૧૦
કષ્ટ સહે ધર્મ પાળતાં, તપ તેનું છે નામ;
બીજાં તો તુત અનેક છે, તેણે સુધરે ન કામ. ધર્મ૦ ૧૧
સુખ દુઃખ સમ કરીને ગણે, સમ હરખ ને શોક;
ધીરજ ધર્મ મૂકે નહિ, એહવા નર કોક. ધર્મ૦ ૧૨
શુદ્ધ ક્રિયા સઘળી કરી, રાખે શુદ્ધ શરીર;
મેલ ધુવે પછી મન તણો, જ્ઞાન નીરથી વીર. ધર્મ૦ ૧૩
એવો ધર્મ ઉરમાં ધરે, પ્રાણી તેહ પવિત્ર;
સફળ જનમ છોટમ કહે, રૂડાં તેનાં ચરિત્ર. ધર્મ૦ ૧૪

દોહરા.

સજ્જન સહુના સ્નેહિ પણ, દુષ્ટતણે મન કાળ;
જગત ચક્ષુ છે સૂર્ય પણ, ઘુવડ ગણે વિકરાળ. ૧
સજ્જનને જે સાંપડયાં, વિદ્યા વાણી વિત્ત;
વિવેકથી તે વાવરે, દુર્જન ઉલટી રીત. ૨

છપ્પો.

કામ વિચારી કરે, ડરે નહિ તે જન ડાહ્યો,
ગુણનો ન ધરે ગર્વ, સર્વથી હોય સવાયો;
વડુ ન વાવે વેર, ઝેરની જીભ ન રાખે,
મધુંર વચનનાં મિષ્ટ, ચતુર થઇને ફળ ચાખે;
વળી કળાય નહિ કોઇથી, પરનો પામે પાર છે,
દુનિયાંમાં તે દલપત કહે, ડાહ્યો ડહાપણદાર છે.

દોહરા.

બળ નિષ્ફળ હિંમત વિના, વંશ સંગ વિણ વ્યર્થ;
વિત્ત વ્યર્થ વિદ્યા વિના, અવગુણ ઇલિમ અનર્થ. ૧
ઉગતો અવગુણ ટાળીએ, તેજ ટાળવા જોગ;
વળે નહિં વ્યાપી ગયો, રગ રગમાં જે રોગ. ૨

પાઠ ૯ મો.

વસંતતિલકા છંદ.

જેના બળે અખિલ વિશ્વ વિરાજમાન,
જેણે અનેક રચના રચી છે મહાન;
તે એક ઇશ અવિકારિ અનાદિ દેવ,
પામી સદા શરણ તેની કરૂં હું સેવ. ૧

જે પૂર્ણ, ઈશ્વર પ્રભૂ નિજ શક્તિ યોગે,
ઉત્પન્ન વિશ્વ કરી તે થકી રે વિયોગે;
જીવો તણી ગતિ કૃતિ ચિતમાં ધરે છે,
ભકતોનું રક્ષણ કૃપા થકી તે કરે છે. ૨
જેને મહાન મહિમા નહિ કોઈ પામ્યા,
તર્કો કરી ઋષિમુનિ મનથી વિરામ્યા;
તે એક નિત્ય અજ ઈશ્વર લોકપાળ,
બુદ્ધિ પ્રકાશક પ્રભુ નમું સર્વ કાળ. ૩
એકાગ્ર ચિત્ત થકી ધ્યાન ધરું તમારું,
કલ્યાણ મંગળ કરો સઘળું અમારું;
સાષ્ટાંગ નાથ તમને કરીએ પ્રણામ,
પૂરાં કરો પ્રભુ તમે શુભ સર્વ કામ. ૪

અભંગ.

અનેક સૃષ્ટિમાં, મનુષ્યનો જન્મ;
કિધો છે ઉત્તમ, કૃપા કરી. ૧
ઉત્તમાધિકાર, તેને તમે આપ્યો;
વિવેકને સ્થાપ્યો, તેમાં તમે. ૨
તેને અનુસારે, ચાલી ભગવાન;
વૃત્તિઓ સમાન, રાખું મારી. ૩
કરૂં સર્વ કાળ, સજ્જનનો સંગ;
નવ કરૂં ભંગ, નિયમનો. ૪

સર્વ જન સાથે, મિત્રતાથી ચાલું;
તમને નિહાળું, સર્વ સ્થળે. ૫
માન અપમાન, માનું હું સમાન;
વૃથા અભિમાન, રાખું નહીં. ૬
પ્રભુ મને આપો, દૃઢ ભક્તિભાવ;
કોમળ સ્વભાવ, કરો મારો. ૭

દોહરા.

સુખ દુઃખ સરજ્યાં ઈશ્વરે, દયા ધરીને એમ;
કડવાં મીઠાં ઔષધો, પાય જનેતા જેમ. ૧
પ્રભૂ કરે તે પ્રીતથી, સહેવું ગણીને સાર;
પ્રભુ સમ કો સારો નથી, દીન દયાળ ઉદાર. ૨
જ્ઞાની ને અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોઈ;
જ્ઞાની ભોગવે ધૈર્યથી, મૂર્ખ ભોગવે રોઈ. ૩
સુખ પાછળ દુઃખ દેખીએ, દુઃખ પાછળ સુખ હોય;
દિવસ ગયે રાત્રી પડે, રાત્રી પછી દિન જોય. ૪
હરકત કશી ન હોત તો, શોભત નહીં સંસાર;
કશી ફિકર નહિ હોત તો, બાંધત શીદ ઘરબાર. ૫
સંકટની શંકા ધરે, તેથી ન કાંઈ કરાય;
શીખે તરવા શી રિતે, જો જળમાં નવ જાય. ૬
કષ્ટ સહન કીધા વિના, પદ ઉંચું ન પમાય;
પારો તાપ અધિક સહે, ઊંચે એમ જણાય. ૭

આપે જો આરોગ્યતા, કરુણા કરી કર્ત્તાર;
દુનિયામાં દલપત કહે, એ સુખ અપરંપાર. ૮
દુઃખમાં દુઃખ તો દેહદુઃખ, બીજું કરજનું જાણ;
અલ્પ બધાં દુઃખ એ વિના, ઉર સંશય નહિ આણ. ૯
દુઃખ વેઠચે સમજણ પડે, સમજાવ્યે ન જણાય;
બાળક ડરે દીવા થકી, જ્યારે દીવે દઝાય. ૧૦
કોમળ અંતર પર દુઃખો, દેખી થાય દિલગીર;
અવયવને દુઃખ ઉપજે, આંખે આવે નીર. ૧૧
દયાળુ નિજ દુઃખ દેખીને, પરદુઃખ કરે વિચાર;
નિર્દય ન્યાલ થયા કહે, પંડે ઉતરી પાર. ૧૨

નાના પણ ઝાઝા તણા, આશ્રયથી સુખ સેલ;
નાનાં બહુ નેવાં મળી, ઢાંકે મોટો મેલ. ૧
ઘણાં ગરીબની મદદથી, જબર શત્રુ જીતાય;
રામે રાવણને હણ્યો, લઈ વાંદરાં સહાય. ૨
કહો શ્રેષ્ઠ શા કામનો, જેથી ન સરે અર્થ;
નાનો પણ ચાંદો ભલો, મોટો પણ શનિ વ્યર્થ. ૩
શીખામણ લાગે નહિ, જ્યારે વિનાશકાળ;
સમજાવ્યો સમજ્યો નહિ, લંકાનો ભૂપાળ. ૪
દિવસ ફરે તેવે સમે, સમજણ સઘળી વ્યર્થ;
રામે સતી સીતા તજી, કેવો કર્યો અનર્થ. ૫

પાઠ ૧૦ મો.

તોટક.

પ્રભુતા પ્રભુ તારી દિસે સઘળે,
તુજ પાર પુરો અમને ન મળે;
પ્રગટયો પરિપૂર્ણ પ્રતાપ ખરો,
કરુણાનિધિ કષ્ટ સમસ્ત હરો. ૧
ભુમિ મંડળ સુંદર શોભી રહ્યું,
તુજ શક્તિ થકી ભરપૂર ભરયું;
પ્રભુનાથ તમે ભવતાપ હરો,
કરુણાનિધિ કષ્ટ સમસ્ત હરો. ૨
ગગને ગ્રહરાજ વિરાજી રહે,
પ્રભુની પ્રભુતાનું પ્રમાણ કહે;
સચરાચર સૃષ્ટિ વિષે પ્રસરો,
કરુણાનિધિ કષ્ટ સમસ્ત હરો. ૩
ગ્રહ ગોળ વિચિત્ર ગતિથી ફરે,
પરમેશ તણો પ્રતિબોધ કરે;
પ્રભુ નિર્મિત નીમથકી ન ફરો,
કરુણાનિધિ કષ્ટ સમસ્ત હરો. ૪
પ્રભુ અંતરયામિ અનાદિ તમે,
તમને સુનીતિ શુભ માર્ગ ગમે;
નિજ ભક્ત તણી રુડિ આશ પુરો,
કરુણાનિધિ કષ્ટ સમસ્ત હરો. ૫

વસંતતિલકા.

સંપૂર્ણ પ્રેમ કરીને ઉપકાર કીધો,
આ મૃત્યુલોક મહિ માનવિ દેહ દીધો;
સાષ્ટાંગ નિત્ય તમને કરું વંદનાઓ,
હે વિશ્વનાથ પ્રભુ નિત્ય પ્રસન્ન થાઓ. ૧

વિદ્યા વિવેક મતિ સંપતિ નીતિ આપો,
સંભાળ મારી કરી સંકટ સર્વ કાપો;
દ્યો ધર્મ કર્મ કરવા શુભ સૂચનાઓ,
હે વિશ્વનાથ પ્રભુ નિત્ય પ્રસન્ન થાઓ. ૨

કર્તવ્યકર્મ જગમાં રહિ નાથ થાય,
સદ્ધર્મ નીતિ નિયમો સઘળા પળાય;
એ શુદ્ધ તારી અતિ ઉત્તમ અર્ચનાઓ,
હે વિશ્વનાથ પ્રભુ નિત્ય પ્રસન્ન થાઓ. ૩

દોહરા.

મનના કારણથી દિસે, હરખ શોક આભાસ;
ખુશીથી ખરચે ક્રોડ પણ, દંડચે થાય ઉદાસ. ૧

મન ઢોંગી મન ધૂર્ત છે, મન હાથી મસ્તાન;
મન સુધરે તો મિત્ર છે, નહિ તો શત્રુ સમાન. ૨

છાના છેક રહે નહીં, અંતર તણા વિચાર;
આવે નિકળી એકદમ, અહારસમ ઉદ્ગાર. ૩

મનહર છંદ.

લક્ષમાં જો લાહ્ય લાગે, તો વડી વિપત્તિ લેખે,
દારૂખાનું ખુશીથી, બેહુજારનું બાળે છે;
લુંટાય કે દંડાય તો, દીલે દિલગીર થાય,
મમતમાં મોટી મુંડી, ઉમંગે ઉછાળે છે;
કાયામાં જો કાંટો વાગે, કાળજામાં કષ્ટ થાય,
નાક વિંધાવીને નેહ, દર્પણુ નિહાળે છે;
દુઃખ સુખ દુનિયાંમાં, માન્યું દલપત કહે,
વિવેકી તો વિવેક, વિચારી મન વાળે છે. ૧

ભુજંગી છંદ.

રળો ને ખપો ખૂબ ઉદ્યોગ રાખી,
સજો સુખ સંતોષનો સ્વાદ ચાખી;
કદી દીનતા તો ન આપે ઉચારો,
સદા સર્વથી શ્રેષ્ટ સંતોષ સારો. ૧
દુઃખી હોય પોતા થકી કોઈ પ્રાણી,
જુઓ એ થકી આપ શ્રીમંત જાણી;
પ્રભુનો પૂરો પાડ પ્રીતિથી ધારો,
સદા સર્વથી શ્રેષ્ટ સંતોષ સારો. ૨

દોહરા.

નાશ થાય કે નવ મળે, તેનો તજવો શોક;
ઉપાય જેનો નવ જડે, ચિંતા કરવી ફોક. ૧
અંગતણા પણ અંશ નિત, વધે ઘટે એ ખેલ;
અંશ રહ્યું તે આપણું, ગયો અંગનો મેલ. ૨
સૌથી સરસ સંતોષ છે, ઠરવા કેરૂં ઠામ;
ખરૂં સુખ રૂડી રીતથી, દીલમાં દલપતરામ. ૩

ઉપેંદ્રવજ્રા.

અરે રૂડો માનવ દેહ આવ્યો, બહુ પ્રતાપી પ્રભુએ બનાવ્યો;
તમે વિચારો હિત જો તમારૂં, કરો કરો કાંઇક કામ સારૂં. ૧
આયુષ્યમાંથી પળ ઓછી થાય, મહા મુલી તે નહિ મેળવાય;
જરૂર આ જીવન છે જનારૂં, કરો કરો કાંઈક કામ સારૂં. ૨
ન કાઢશો કાળ કદી નકામો, પરોપકારી શુભ નામ પામો;
ઠગાઈથી નામ ઠરે નઠારૂં, કરો કરો કાંઈક કામ સારૂં. ૩
મનુષ્ય કાયા નથી મોજ માટે, ઘડી નથી તે પશુ પક્ષિ ઘાટે;
અખંડ સ્વર્ગે સુખ આપનારૂં, કરો કરો કાંઈક કામ સારૂં. ૪
જગત્પતિને પ્રિય કામ જે છે, આ લોકમાં ઉત્તમ કામ એ છે;
બીજું બધું માલ વિના બિચારૂં, કરો કરો કાંઈક કામ સારૂં. ૫

દોહરો.

જો સુખ ઇચ્છો જગતમાં, કરો સદા શુભ કામ;
એ શિખામણ અહરનિશ, દે છે દલપતરામ.

પાઠ ૧૧ મો

પ્રભાતીઉં.

જાગરે જીવ અજ્ઞાન આળસ તજી,
જગત કર્ત્તારને લેને જાણી;
નરદેહ નિરમીઓ નીતિ સંભાળવા,
આચરે અનીતિ તે અધમ પ્રાણી. જાગરે૦ ૧
વિશ્વકર્ત્તા તણું દીસે ડહાપણ ઘણું,
સુખકર સરજીઓ સુરજ જેણે;
તેજ ફેલે અતિ વાયુચ્છાદન વતી,
આંખ સહુ દેખતી થાય એણે. જાગરે૦ ૨
ધન્ય દયાળ તેં ધરણી કેવી રચી,
સિદ્ધ પદારથ યુક્તિ સારી;
વિવિધ પ્રકાર વનમાંહિ વનસ્પતિ,
અખિલ છે અમિત આનંદકારી. જાગરે૦ ૩
પોષવા સર્વને નીર પૈદા કર્યું,
વ્યોમમાંહી રચી મેંઘમાળા;
ચંદ્ર આકર્ષણે સિંધુ ભરતી ચઢે,
જાય એ જુક્તિથી વાણવાળા. જાગરે૦ ૪
જયોતિષચક્ર તું જોને આકાશમાં,
દીસતા દિવ્ય અનંત તારા;
એજ ઉપયોગી છે સર્વ સંસારને,
ધન્ય હે સૃષ્ટિ સૃજનાર સારા. જાગરે૦ ૫

તાહરો દેહ તું જોને કેવો કર્યો,
અદ્ભુતતા ઘણી છેજ એમાં;
સર્વ વિષયો તણું જ્ઞાન બહુ થાય છે,
તત્ત્વ મોટું કર્યું ચિત્ત તેમાં. જાગરે૦ ૬
બુદ્ધિએ નિશ્ચય થાય બહુ વાતના,
એ થકી અધિક ઉદ્યોગ સૂજે;
એજ સુજનારને મૂઢ સમરે નહિ,
મંદમતિ મલિન પાખંડ પૂજે. જાગરે૦ ૭
સરજનહારનું જ્ઞાન સોહામણું,
સર્વને સમજવા યોગ્ય સારું;
છોટમ સત્ય સંસારથી ઉદ્ધરે,
વચન સુવિચારથી માન મારું. જાગરે૦ ૮

શાલિની.

વિશ્વાધીશા વિશ્વવંદ્યા વિધાતા,
સત્યાનંતા સચ્ચિદાનંદ કંદા;
શ્રદ્ધા ભક્તિ ધ્યાન યોગે હું વંદું,
તારો મારે આશરો દીન બંધુ. ૧
દોષો દેખી ઉપકારો કરો છો,
પ્રાણીઓને અન્ન પાનો ભરો છો;
એવા સ્વામી છો પ્રભૂરે કૃપાળ,
સંભાળો છો ભક્તને સર્વ કાળ. ૨

દેવા તારી જો કૃપા દૃષ્ટિ થાશે,
સત્કર્મોના શુદ્ધ માર્ગે જવાશે;
આપો નિત્યે દાસને બુદ્ધિ રૂડી,
કાપો મારી વાસના સર્વ કૂડી. ૩
આપો આપો ચિત્તને શાંતિ આપો,
કાપો કાપો પ્રાણીનાં કષ્ટ કાપો;
ધારો ધારો પ્રાર્થના લક્ષ ધારો,
તારો તારો વિશ્વ સિંધુથી તારો. ૪
સત્કર્મોથી ચિત્તની શુદ્ધિ થાય,
ભક્તિ દ્વારે મોક્ષ ધામે જવાય;
ઢોંગો વેશો બાહ્યના સર્વ ઠાલી,
અંતઃ શુદ્ધિ છે તને નાથ વાલી. ૫
નીતિ માર્ગે ચાલતાં કષ્ટ થાય,
તોએ તે સન્માર્ગને ના મુકાય;
ઇચ્છા તારી માની આધીન રે'વું,
માથે આવે કષ્ટ તે સર્વ સ્હેવું. ૬
રૂડાં કાર્યો લોકનાં જો ન થાય,
મિથ્યા ફેરો જન્મનો સર્વ જાય;
આ વિજ્ઞપ્તિ સ્વલ્પ મારી સ્વીકારો,
સત્કર્મોના સૂચવો સદ્વિચારો. ૭
આપત્કાળે ધીરતા નાથ આપો,
ભક્તિ સેવામાં પ્રભૂ વૃત્તિ થાપો; ૮

દ્રવ્યાદિનો લાભ સંપૂર્ણ થાય,
ત્યારે પૂરી તો પરીક્ષા જણાય. ૮
વિશ્વસ્વામી જો હશો રે સહાય,
વૃત્તિ મારી ગર્વથી ના ભમાય;
સન્મિત્રો આ સૃષ્ટિમાં જે અમારા,
તેઓને દ્યો સદ્‌ગુણો બોધ સારા. ૯
શત્રુઓની દુર્મતિને સુધારો,
સર્વે સ્થાને શાંતિઓને વધારો;
જીવોનું જે વસ્તુથી થાય હિત,
અંતર્યામી આપને છે વિદીત. ૧૦

ધોળ.

સત્ય નહિ તે ધર્મજ શાનો, દયા વિના શું જ્ઞાન જોને;
વિનય વિના તે વિદ્યા શાની, દાન વિના શા દામ જોને. ૧
દૈવત નહિ તે દેવજ શાનો, ધર્મ વિના શું ધ્યાન જોને;
ભાવ વિના તે ભક્તિ શાની, ભક્તિ વિના શું જ્ઞાન જોને. ૨
જ્ઞાન વિના તે ગુરુજન શાનો, તે શું દેશે બોધ જોને;
મન વશ નહિ તે તપ પણ શાનું, શીલ વિના શું સ્નાન જોને. ૩
સદ્‌ગુણ નહિ તે સાધુ શાનો, તૃષ્ણા ત્યાં શો ત્યાગ જોને;
ભ્રાંતિ રહિ તો અનુભવ શાનો, સાચો ન મળે શોધ જોને. ૪
સાચા પ્રભુને જે નવ શોધે, તે નર કહીએ કાચા જોને;
કહે છોટમ નિરધાર કરીને, સૌ શાસ્ત્રોનો સાર જોને. ૫

વસંતતિલકા.

રે માનવી સરવ માનવી વાત મારી,
છે અર્થની નથી અનર્થની કે નઠારી;
શાસ્ત્રો વિષે લિખિત છે મત તે ખરો રે,
ઔદાર્ય કાર્ય કરવા કર વાવરો રે. ૧

જે વાવર્યું સુકૃતમાં વર્યું તે તમારું,
દાટેલ જે ઘર વિષે રજમાં જનારું;
ધીમંતતા કથનમાં મનમાં ધરો રે,
ઔદાર્ય કાર્ય કરવા કર વાવરો રે. ૨

થોકે મળી સ્થિર કદી સ્થળમાં થવાના,
પૈસા પછીથી પળમાં જળમાં જવાના;
એ કારણે અતિ રુડાં કૃત આદરો રે,
ઔદાર્ય કાર્ય કરવા કર વાવરો રે. ૩

તે ધન્ય ધન્ય ધરણીપર પિંડ ધારી,
જે ખાંત રાખી ખરચે વિતને વિચારી;
પોતે સુપંથ સમજે પણ પાંશરો રે,
ઔદાર્ય કાર્ય કરવા કર વાવરો રે. ૪

જે દીનને પ્રતિદિને સુખદાન દાતા,
તે ધન્ય તેમજ મહા ધન તાતમાતા;
એવું વિચારી શુભ સાધન સંઘરો રે,
ઔદાર્ય કાર્ય કરવા કર વાવરો રે. ૫

દોહરો.

ઉદાર પુરુષ ઉદારતા, તજે ન સહી પરિતાપ;
આંબો પત્થર મારતાં, પણ આપે ફળ આપ. ૧

પાઠ ૧૨ મો.

તોટક છંદ.

જગદીશ્વર દેવદયાળ તમે, કરીએ કર જોડી પ્રણામ અમે;
સ્મરિએ ઉપકાર સદા પ્રભુના, પરમેશ તમે કરશો કરુણા. ૧
જનમંગળ કાર્ય સદા સુચવો, કૃતિ સામું કદાપિ તમે ન જુઓ;
વિનવી વિનતી કરિએ તમને, કરુણા કરી સન્મતિ દ્યો અમને. ૨
પ્રભુની કરુણા થકી કાર્ય થશે, પ્રભુની કરુણા થકી કષ્ટ જશે;
ભય દુઃખ વિપત્તિ બધી ટળશે, પ્રભુ પ્રેમ પ્રસાદ સદા મળશે. ૩
ચિરકાળ અહીં જીવ વાસ નથી, પરલોક વિષે સહુનીજ ગતિ;
ફળ સંચિત કૃત્યનું પ્રાપ્ત થશે, સહુ દૈવી જીવો પ્રભુને મળશે. ૪
અતિ પ્રેમ થકી પ્રભુને ભજીએ, વિષયી વિષયો વિષવત્ તજીએ;
સઘળી નબળી કૃતિથી લજીએ, શુભ સાધન મોક્ષ તણું સજીએ. ૫
જીવતારક કો નથી નાથ વિના, ઉપકાર જણાય ઘણા પ્રભુના;
ભય સંકટ સર્વ તમે હરશો, ચિત શાંતિ કૃપાજળથી કરશો. ૬
પ્રભુ સત્ય સનાતન વિશ્વપતિ, ગુણની ગણના નથી નાથ થતી;
સ્તુતિ શું કરશે જીવ અલ્પમતિ, કરુણા કરી દ્યો અમને સુમતિ. ૭
શુભ ધ્યાન અમે હૃદયે ધરીએ, ઉપકાર અપાર સદા સ્મરીએ;
પ્રભુને પ્રિય કાર્ય અમે કરીએ, ભવસિંધુ થકી સહજે તરીએ. ૮

શિખરિણી.

જગાધીશા તારો, અતિ પ્રબળ આધાર અમને,
તમે ના વિસારો, ચિત થકી કદી ભક્તજનને;
પિતા માતા તારા, અનુગ્રહ દયામાં નથી મણા,
ક્ષમા પાપો મારાં, કરી પ્રભુ કરો પૂર્ણ કરુણા. ૧
સ્વયંભૂ છો સ્વામી, નવ કદિ રહે ગુહ્ય તમથી,
તને અંતર્યામી, વિનતિ કરીએ રે વિનયથી;
જગત્કર્ત્તા માનું, નિરખી સઘળી વિશ્વ રચના,
ક્ષમા પાપો મારાં, કરી પ્રભુ કરો પૂર્ણ કરુણા. ૨
સહુ પ્રાણી તારાં, પૃથિવિમહિ વિસ્તારથી રહ્યાં,
તથાપિ તે મધ્યે, મનુષ જનને તેં કરી દયા;
દિધી છે સદ્બુદ્ધિ, સતત સન્માર્ગે વિચરવા,
ક્ષમા પાપો મારાં, કરી પ્રભુ કરો પૂર્ણ કરુણા. ૩
નિષિદ્ધાચારોમાં, નબળું મન મારું નિત ભમે,
સદા સદ્ધર્મોમાં, અતિત્વરિતવાળો ચિત તમે;
કરો સન્માર્ગોમાં, પ્રવૃત મનવૃત્તિ પ્રભુ સદા,
ક્ષમા પાપો મારાં, કરી પ્રભુ કરો પૂર્ણ કરુણા. ૪

વસંતતિલકા.

હે વિશ્વદેવ કરું સેવ સદા તમારી,
દો ધર્મ કર્મ કરવા મતિ નિર્વિકારી;
રાખો સમીપ પ્રભુ પ્રાર્થન હું કરૂં છું,
તારો તમે પ્રભુ મને શરણે રહું છું. ૧

અત્યંત લાભ જગમાં જગદીશ થાય,
તો એ ન વૃત્તિ કદી ગર્વ થકી ભમાય;
ધારો દયા પ્રભુ હું દ્વાર ઉભો રહું છું,
તારો તમે પ્રભુ મને શરણે રહું છું. ૨
સંબધી હોય જગમાં વળી મિત્ર મારા,
તેને મને સુખ હજો સુફળોજ સારાં;
સર્વેનું મંગળ સદા શુભ ચિંતવું છું,
તારો તમે પ્રભુ મને શરણે રહું છુ. ૩
આલસ્ય વૃત્તિ વળી નિર્દયતા વિકાર,
ચિત્તે રહ્યા બહુ જ દુર્ગુણના વિચાર;
માટે કૃપાથી મન શુદ્ધ કરો મહેશ,
આધીન છું પ્રભુ તને સ્તવું શું વિશેષ. ૪

દોહરો.

સર્વે લોકો છે સગા, પિતા એકનું પેટ;
એ સૌમાંથી એક પણ, નથી પરાયો નેટ. ૧
પ્રીતિ જેવી પુત્રપર, ભાઈ ઉપર જે ભાવ;
સ્નેહ તેહવો સર્વ પર, કરવા કરો ઠરાવ. ૨
એજ રીતે જન અખિલનું, ઇચ્છો રુડું આપ;
તર્ત કરો જયમ તેમના, સર્વ ટળે સંતાપ. ૩
આપ વિચારો આપનું, દેહતણું જે દુઃખ;
સમજો તેવું સર્વને, દેહ દુઃખ કે સુખ. ૪

તમે પ્રીત તે ઉપરે, રાખો રૂડી રીત;
તો તે જન તમ ઉપરે, પૂરી રાખશે પ્રીત. ૫
તે માટે સજજન તમે, જનપર પૂરણ પ્યાર;
રાખો તો પ્રભુ રીઝશે, કૃપા સિંધુ કરતાર. ૬
ઇચ્છે ભૂંડું આપણું, કદી અજ્ઞાની કોઈ;
તોપણ તે જનનું તમે, જરૂર રીઝો સુખ જોઈ. ૭
સુખ પામે સઘળી પ્રજા, ઓ ઈશ્વર એ આપ;
હેતુ કે શત્રુ હજો, પણ થાજો નિષ્પાપ. ૮
દયા ધરીને દિલ વિષે, કરો લોક ઉપકાર;
ઉત્તમ કારજ એજ છે, સર્વ ધર્મનો સાર. ૯
દુઃખ દેખી દિલ ધરિ દયા, દેવું સુખનુ દાન;
તન મન ધન તે કારણે, કરો સકળ કુર્બાન. ૧૦
લાભ લીધો પરલોકનો, ધર્યું અવિચળ ધામ;
પ્રીતે પર ઉપકારનાં, કીધાં જેણે કામ. ૧૧

મનહર છંદ.

દીલમાં દયા ધરીને, જેણે પર દુઃખ છેદ્યાં,
પાપથી જે ડર્યો પોતે વખત તમામમાં;
સર્વ સાથે સ્નેહ રાખી સાચવ્યું સદાચરણ,
મુઆ પછી જેના ગુણ વખણાય ગામમાં;

પ્રભૂપર પ્રીત રાખી કોઇને ન કષ્ટ કર્યું;
કાઢી જેણે ઉંમર પરોપકારી કામમાં;
સત્યવાદી ત્રાહિત જનોનાં મન સાક્ષી પુરે,
તો જરૂર જાણવું તે ગયો પ્રભુ ધામમાં. ૧

તોટક છંદ.

અતિ અદ્ભુત આ જગની રચના, રચિ નાથ કિધી ઘટિતા ઘટના;
સુખ બીજ મુક્યું સહુ દુઃખ વિશે, જગના સુખમાં દુઃખ મિશ્ર દિસે.૧
તુજ હેતુ ગભીર પુરો ન કળે, મથતાં મથતાં નવ પાર મળે;
કરિ તર્ક મહામુનિ થાકી ગયા, તુજ જ્ઞાન વિશે સહુ બાળ રહ્યા. ૨
જનની સમ લાલન પાલન જે, કરિ ભક્તતણું ન ઘડીક તજે;
અતિ પ્રેમલ એ પ્રભુને વિસરે, ધિક તે તણું જીવન વ્યર્થ સરે. ૩
ઉપકાર અતોલ અમોલ કર્યા, તુજ એ કયમ જાય કદી વિસર્યા;
કયમ પાડ વળે જન રંક થકી, તુજ દાસ બની રહું નાથ નકી. ૪
બનિ દાસ નિરંતર નમ્ર રહું, સુખ દુઃખ વિશે સ્થિરતાજ લહું;
સુખપાન થકી નવ મત્ત થઉં, દુખમાં તુજને નવ દોષ દઉં. ૫
રિપુને પણ ધારિ ઉદારપણું, દઉં ક્ષાંતિ નહિ અપકાર ગણું;
તુજ પાડ તણો પ્રભુ એહ રીતે, બદલો દઉં એટલું માગું પ્રિતે. ૬

પાઠ ૧૩ મો.

ગીતિ.

જ્યાં નવ ભાસે દિનમણિ, નિશમણિ ગ્રહગણ હુતાશ નવ ભાસે;
ભાસે ઈશ સદા ત્યાં, તે થકી ત્રિભુવન પ્રદીપ્ત અતિ ભાસે. ૧

જે થકી ઉદ્‌ભવ જગનો, જેણે કરીને પ્રકાશને પામે;
જેમાં જઈ વિરામે, જે તણી કરુણા દીસે સહુ ઠામે. ૨
આસ્તિક ભક્તજનો જે, પ્રભુનું અસ્તિત્વ સત્ય ચિત્ત ધારે;
નાસ્તિક ઉર્મી ઉપજતાં, તત્ક્ષણ તેને નિવારી ધિક્કારે. ૩
પ્રભુ અસ્તિત્વ પ્રમાણો, જગ રચનામાં અતિ પ્રબળ ભાસે;
સુંદર નિયમો નિરખી, નિશદિન મનવૃત્તિ મારી ઉલ્લાસે. ૪
ગગને ગ્રહગણ રચના, રચી છે સુંદર અતિ ચમત્કારી;
નિશ્ચલ નિયમો બાંધી, અતિશય સત્તા તમે જ વિસ્તારી. ૫
પ્રભુતા એજ તમારી, દોષો દેખી ન રોષ ચિત્ત ધારો;
અતિ કરુણા વિસ્તારો, સેવક જનને કદી ન વિસારો. ૬
ઉત્તમ ગતિ અમારી, નિશ્ચય ઉત્તમ કૃતિ થકી થાય;
કોટચાવધિ મુજ દોષો, પ્રભુ તુજ કરુણા કટાક્ષ થકી જાય. ૭
અંતર નિર્મળ નથી તો, બાહ્યાર્ચાઓ બધી વૃથા જાય;
સત્ય પરાભક્તિ છે, તે થકી પ્રભુનું પ્રસન્ન ચિત થાય. ૮

દોહરા.

સ્વદેહ તેમ સ્વદેશની, લે નહિ જે સંભાળ;
ચોંટે તેને ચાંદલે, ગાંડા કેરી ગાળ. ૧
એકલ પેટા અતિ ઘણા, કરે સ્વારથે કાજ;
દાઝ ધરે ઉર દેશની, એતો વિરલા આજ. ૨

કંઈક ભણી નોકર થયા, કમાય છે કઈ વ્યાજ;
કરે સુધારો દેશનો, એ તો વિરલા આજ. ૩
કંઈક જનને જાગીર છે, કંઈક કરે છે રાજ;
કરે સુધારો દેશનો, એ તો વિરલા આજ. ૪

કેમ વહેમની વારતા, પંડિત કરે પ્રમાણ;
માને મૂરખ માનવી, આપે હોય અજાણ. ૧
મંત્ર જંત્ર ને મેલડી, તે તો તૂતેતૂત;
વળગે પૂરા વહેમથી, ભોળા જનને ભૂત. ૨
ભડકણ ભોળાભાઈને, ભાસે સાચું ભૂત;
તપાસતાં તે તો ઠરે, ભૂત નહિ પણ તૂત. ૩

મનહર છંદ.

ભૂપના ભવનમાં સુતો ગમાર ગામડિયો,
ઘડીયાળ ઘોષ સુણી ભડકીને ભાગે છે;
બૂમ સુણી બહુ લોકે કારણ પૂછ્યું તો કહે,
છે તો ઘર ઠીક પણ બીક બહુ લાગે છે;
નક્કી ભૂત થાય મરી જાય જે આ ઘરમાં,
આ ઘરમાં ભાઈ ભારે ભૂતાવળ જાગે છે;
રાત અરધીક જ્યારે જાય દલપતરામ,
ઘણણણ ઘણણણ ઘંટડીઓ વાગે છે.

ભુજંગી છંદ.

નથી મંત્રથી જંત્રથી કામ થાતું,
નથી ચીઠિ દોરા થકી વેર જાતું;
ખરૂં વેર તેતો વિનેથી ખસે છે,
વિનેમાં વશીકાર વિદ્યા વસે છે. ૧
જનો સર્વને જીતવા જો વિચારો,
વિને વાક્ય આધિનતાથી ઉચારો;
વિનેથી દયા દીલ માંહી ઠસે છે,
વિનેમાં વશીકાર વિદ્યા વસે છે. ૨

દોહરા.

કન્યાશાળા અગ્નિરથ, આદિક ઉપજ્યાં જેમ;
દેખી દિલ દાઝે બળે, વિશેષ જેને વ્હેમ. ૧
ભોળા જન વિદ્યા ભણી, વ્હેમ તજી વખણાય;
વ્હેમીના સહવાસથી, વળી તે વ્હેમી થાય. ૨
દેખી પણ નહિ માનિએ, વગર વિચારી વાત;
દીસે ફરતો સૂર્ય પણ, ફરે પૃથ્વી સાક્ષાત. ૩

ભુજંગી છંદ.

સજોરે સુધારો તજો વાત આડી,
સુધારાથી થૈ આ જુઓ આગગાડી;
જુનો રાહ મુંબઈ જતાં જે ન છોડે,
કહો તે કદી જૈ શકે કષ્ટ થોડે ! ૧

દોહરા.

તે નર સુધર્યો તે ભણ્યો, બુદ્ધિમાન પણ તેહ;
ભૂલે નહિ ભગવાનને, ડરે દોષથી જેહ. ૧

પાઠ ૧૪ મો.

સ્રગ્ધરા છંદ.

શી શી શોભા વખાણું, વિભુ તુજ કૃતિની, શક્તિ છેરે અપાર,
મોટા મોટા મહંતો, અતિ શ્રમ કરીને, થાકી પામ્યા ન પાર;
અજ્ઞાની પ્રાણી હું તે,તુજ ગુણ મહિમા-ના કરૂં શું વિચારો,
વંદું હું વિશ્વનાથા, વિનયથી તમને, કષ્ટ સર્વે નિવારો. ૧
જાણો અંતસ્થ વાર્ત્તા, વધુ પ્રભુ તમને, શું કરૂં હું વિલાપો,
વિશ્વાસે હું રહું છું, ભવપતિ અમને, સર્વદા શાંતિ આપો;
આરાધું એક ચિત્તે, પ્રભુ મુજ હૃદયે, ભક્તિ શ્રદ્ધા વધારો,
વંદું હું વિશ્વનાથા, વિનયથી તમને, કષ્ટ સર્વે નિવારો. ૨
તારો તારો પ્રભૂ હે, કરગ્રહી અમને, વિશ્વ સિંધુથી તારો,
બીજો એકે ન આરો, તુજ વિણ વિભુરે, વિઘ્ન સર્વે વિદારો;
સાચો વિશ્વાસ તારો, દીન જન મુજને, ચિત્તથી ના વિસારો,
વંદું હું વિશ્વનાથા, વિનયથી તમને, કષ્ટ સર્વે નિવારો. ૩

સૃષ્ટિ શોભા પ્રભાથી, પ્રકટ બહુ કરી, પૂર્ણ શક્તિ તમારી,
વસ્તુ માત્રે વિચારી, વિભુ નિજ બળથી, ધર્મ દીધોજ ભારી;
વ્યાપો સંપૂર્ણતાથી, પ્રભુ ત્રિભુવનમાં, છે તમારા પ્રતાપો,
પાપો કાપો અમારાં, પ્રભુ કરી કરુણા, સન્મતિ નિત્ય આપો. ૪
વિદ્યા સદ્બોધ જ્ઞાના-મૃત ફળ રસનાં, નાથ પાનો ન પીધાં,
કીધાં કાર્યો ન રૂડાં, દિન બળહિનને, કાંઈ દાનો ન દીધાં;
માની આજ્ઞા ન તારી, કરી અવગણના, તે ક્ષમા નાથ આપો,
પાપો કાપો અમારાં, પ્રભુ કરી કરુણા, સન્મતિ નિત્ય આપો. ૫

અભંગ.

પ્રભુ પ્રાણપતિ, સુણી આ વિનતિ;
કરો મારી મતિ, પરિશુદ્ધ. ૧
લોક હિતકારી, કાર્ય નથી થતું;
ભમે રઝળતું, મન મારૂં. ૨
માતપિતા વિના, કોને જઇ કહું ?
શરણ હું ગ્રહું, અન્ય કોનું ? ૩
વિપરીત માર્ગે, બહુ હું ગયો છું;
પ્રભુ હું થયો છું, શિક્ષાપાત્ર. ૪
કહું શું વધારે, પ્રભુ વારે વારે;
કોણ મને તારે, તમ વિના. ૫
કાલાવાલા મારા, કરો અંગિકાર;
યાચું આવી દ્વાર, તમારે હું. ૬

ઈન્દ્રવજ્રા છંદ.

સૃષ્ટા તમે સૃષ્ટ પદાર્થ સર્વના,
સાક્ષી તમે છો પ્રભુ સર્વ કર્મના;
સર્વેશ સર્વાન્તરયામિને સદા,
સાષ્ટાંગ વંદી પ્રભુ માગું હું ક્ષમા. ૧
કૌટુંબી મિત્રો સ્વજનો જનો બધા,
પામે નહીં કિંચિત દુઃખ આપદા;
આરોગ્યતા આપી કરો સહાયતા,
રાખો જગત્માં પ્રભુ સર્વ શાંતતા. ૨
નીતિ પ્રમાણે અનુવર્તનો થશે,
ત્યારે કૃપા પૂર્ણ તમારી તો થશે;
માટે વિનંતી કરું વારવાર રે,
સ્વીકારવાને કરશો ન વાર રે. ૩

દોહરા.

કરી ભરૂંસો કર્મનો, કહે થશે થાનાર;
આપ તજે ઉદ્યોગને, એ પણ એક ગમાર. ૧
સારૂં નરસું શોધીને, જુએ ન સાર અસાર;
ગોળ ખોળ સરખાં ગણે, એ પણ એક ગમાર. ૨
ટંટો ટુંકો થાય તો, વળી કરે વિસ્તાર;
લડાઈથી લાજે નહિ, એ પણ એક ગમાર. ૩

નિઃસંશય ઉત્તર મળે, તોય કરે તકરાર;
વ્યર્થ વદે વળી વાદ બહુ, એ પણ એક ગમાર. ૪
સમજે જે જન સર્વથી, હુંજ ઘણો હુંશિઆર;
પછી ન પૂછે કોઇને, એ પણ એક ગમાર. ૫
કરે ખુશામતખોર જન, વખાણ વારંવાર;
સાચું માને સર્વ તે, એ પણ એક ગમાર. ૬
ઉપજ ખરચના આંકનો, શોધે નહીં સુમાર;
વણ લેખે ધન વાવરે, એ પણ એક ગમાર. ૭
જગ મધ્યે જૂદાં નથી, ગાંડા જનનાં ગામ;
ગુણ હીણા તે ગાંડીઆ, દાખે દલપતરામ.

ઉપજાતિ છંદ.

જો પારકી કીર્તિ પડેજ કાને, મિઠાશ તેમાં મનથી ન માને;
સ્વકીર્તિનાં ગાયન ગાય ગાજી, મિથ્યાભિમાની મુરખા મિજાજી.

મનહર છંદ.

વધે અભિમાન ત્યારે ઉંચી ઉંચી દૃષ્ટિ કરો,
તૃષ્ણા વધે ત્યારે નીચા નીચાને નિહાળીએ;
દુખિયાનાં દુઃખ દેખી તેઓનાથી તો વિશેષ,
સમજી પોતાને સુખી સદા મન વાળિયે;

જેમ ટાઢ પડે ત્યારે ભાળિએ સુરજ સામું,
તાપ પડે ત્યારે છાયા ઝાડની સંભાળિએ;
કહે દલપતરામ કરીએ ઉપાય આમ,
અભિમાન તથા તાપ તૃષ્ણા તણો ટાળિએ. ૧

દોહરા.

અલ્પ કાંઈ ગુણ આવતાં, છાકી મગજ છલકાય;
જરૂર તે પછી જાણવું, શેષ ગુણો ન સમાય. ૧
આપેલો જગદીશ્વરે, હરેકમાં ગુણ હોય;
અવગણના કરી કોઈની, ગર્વ ન ધરશો કોય. ૨
ફૂલ કર્યાથી થાય શું, જો ન વખાણે લોક;
નહીં સુગંધ સુફળ નહીં, આવળ ફૂલે ફોક. ૩

ચોપાઈ.

મારા સરખો ડાહ્યો નહીં, મારા સરખો પંડિત નહીં;
એવું ગુમાન ધરીને ફરે, તે અંતે પસ્તાવો કરે. ૧
ભલાભલા જગમાં છે ભાઈ, તેની સાથે શી સરસાઈ;
શરમાઇને તું નીચું જોય, એમાં તારું માન જ હોય. ૨

દોહરા.

લોભે લાજ ઘટે ઘણી, લોભે પ્રભુ પ્રતિકૂળ;
લોભે લક્ષણ જાય છે, લોભ પાપનું મૂળ. ૧

વણ પાવકથી પરજળે, અદેખા તણું ઉર;
અન્ય તણી ઉત્કૃષ્ટતા, જોઇ ન શકે જરૂર. ૧

શકે નહીં ગુણ મેળવી, રાખે હૃદયે રોષ;
અકળાઈ પર ઉપરે, મિથ્યા મૂકે દોષ. ૨

પડતી ઇચ્છે પર તણી, ચડતી આપ ચહાય;
પણ પાપી શું કરી શકે, ધાર્યું ધણીનું થાય. ૩

પાઠ ૧૫ મો.

શાર્દૂલવિક્રીડિત છંદ.

જે ઇચ્છા થકી ભૂમિ પર્વત જળો, તત્ત્વો થયાં દીપિતાં;
જેણે સૂર્ય શશી ગ્રહાદિ ભુવનો, કીધાં બહુ શોભિતાં;
જે સત્તા થકી શશિ ચક્ર ભગણો, ભાસે મહા મંડળે,
તે વિશ્વેશ તણી અચિન્ત્ય ગતિને, જીવો કદી ના કળે. ૧

જેણે વિશ્વ વિષે વિચિત્ર કૃતિથી, વસ્તુ સૃજાવી બધી,
જેની નિત્ય પ્રતે પ્રજાપર દિસે, પ્રીતિ દયાઓ ઘણી;
જેનું ધ્યાન ધરે વિશુદ્ધ, મનથી ભક્તો મળી સર્વદા,
જેનો અંત અનંત પામિ, ન શકે તે ઇશ વંદું સદા. ૨

જેની શક્તિ સમસ્ત વિશ્વ પ્રસરી, જેમાં દયા છે ભરી,

જેમાંથી અતિ શ્રેષ્ટ સૃષ્ટિ નિસરી, જેથી સ્થિતિમાં રહી;
જેનો પાર અપાર કો નવ કળે, સત્તાથી વ્યાપે સદા,
તેવા ઈશ સમર્થ સત્ય પ્રભુને, નિત્યે કરૂં વંદના. ૩
સ્વામી સર્વ સમર્થ સત્ય સબળી, સંપૂર્ણ સત્તા ધરો,
મિથ્યા માનુષી યત્ન જાય સઘળા, જ્યારે કૃપા ના કરો;
માટે હું દીન દાસ આશ ધરિને, માગું તમારી કૃપા,
કાર્યો શ્રેષ્ટ વિષે સહાય રહિને, સંતોષ આપો સદા. ૪
બાંધી છે અવધી ત્યહાં લગિ મતિ, જીવો તણી ચાલશે,
તેથી પાર ગયે ઘણો ભ્રમ થશે, ભ્રાંતિ બહુ ભાસશે;
માટે તે અવધીજ મધ્ય રહિને, ધર્મધ્વજા ધારવી,
શિક્ષાઓ પ્રભુ તારી માન્ય કરિને, નીતિ ન વિસારવી. ૫

શાર્દુલવિક્રીડિત છંદ.

હે વિશ્વેશ્વર હે જગત્રેય ગુરુ સર્વજ્ઞ સચ્ચિદ્દ્ઘના,
કૌટુંબી જન મિત્રબંધુ સઘળા, જે આ જગત્‌માં રહ્યા;
આ દેશે વસતા વિદેશ ફરતા, પ્રાણી સમસ્તો તણાં,
પાપો સર્વ ક્ષમા કરી પ્રભુ તમે, સંતોષ આપો સદા. ૧

રાગ ધીરાના પદનો.

વિચાર કરી જોવુંરે, વિશાળ બુદ્ધિવાળાને;
ભાવ ધરી ભજવુંરે, કર્ત્તાર કૃપાળાને. (ટેક.)
એક ઘડી પણ આખા દિવસમાં, કરવો સજ્જન કેરો સંગ;
નીતિની રીતિ પ્રીતિ કરીને પાળવી, ઉલટ ધરી ધરી અંગ-
ભંગ કરે ભ્રાંતિરે, ત્રોડે અજ્ઞાન તાળાને. વિચાર૦ ૧

પૈસો મળે તો પુણ્ય માર્ગે ખરચે, જેથી સહુ જનને સુખ થાય;
વિદ્યા વધે ને જીવ રહે વિશ્રામે, કીર્તિ ભલી કહેવાય-
પરોપકાર કરવો રે, નવાણુ ધર્મશાળાને. વિચાર૦ ૨
નીતિ અનીતિનો નિશ્ચય કરી, બુદ્ધિ ઠરાવી રહેવું ઠામ;
સર્વ સિદ્ધાંત કેરો સાર સમજવો, લેવું પ્રભુનું નામ-
છોટમ નવ ભુલીશરે, પ્રભુ મંત્ર માળાને. વિચાર૦ ૩

પદ.

તે સવિતા પરમેશ પ્રભૂનુ નિત્ય, નિરંતર ધ્યાન ધરું--એ ચાલ.

હે પ્રિય મિત્રો પ્રભુ આજ્ઞાઓ, મન કર્મ વચને માનોરે;
સત્ય વચન સત્સંગ સદિચ્છા, સત્કર્માનુષ્ઠાનોરે;
સદા પ્રભુચિંતન અભિવદન, એ છે મુખ્ય વિધાનોરે. હે. ૧
આ જગતમાં જન્મ ધર્યો જે, તે પરિણામે જવાનોરે;
કૃતિ પ્રમાણે પ્રભુની પાસે, નિશ્ચય ન્યાય થવાનોરે. હે. ૨
રહેણી વિના કહેણી મિથ્યા છે, જળ વિણ જેમ બીજ વાવોરે;
બાહ્યાભ્યંતર શુદ્ધ ક્રિયાથી, જન્મ તણો લ્યો લ્હાવોરે. હે. ૩
અવસર વિત્યો ફરી નહિ આવે, ચિત્ત વિષે વિચારોરે;
નિર્મળ અંતઃકરણ કિધા વિણ, ઢોંગ નં કરવો ઠાલોરે. હે. ૪
ચિત્ત શુદ્ધ કરવાનો સાચો, સદાચાર છે પાયોરે;
દાંભિક વિધિના વેશ થકી, વિશ્વેશ ન જાશે વાહ્યોરે. હે. ૫

અંધ પંગુ અશક્ત નિરાશ્રિત, રોગી જનને પાળોરે;
અન્ન વસ્ત્ર ઔષધ આપીને, દુઃખ તેઓનાં ટાળોરે. હે. ૬
આત્મવત્ સહુ પ્રાણી ગણીને, સદા કરો ઉપકારોરે;
પ્રભુ આજ્ઞાનો એજ સાર છે, તે નિત ચિતમાં ધારોરે. હે. ૭

દોહરા.

ગરજ સમે ગરજૂ જનો, બોલે મીઠા બોલ;
ભાર ન ગણશો ભાઇઓ, તેનો તરણા તોલ. ૧

અમૂલ્ય પણ સહજે મળે, તે સસ્તું તે ઠામ;
નદી કિનારે નીરનો, એક ન ઉપજે દામ. ૧
જોઇએ ત્યારે નવ જડે, એનું મૂલ અપાર;
જાય પ્રાણ જ્યાં જળ વિના, કિમ્મત હેમ હજાર. ૨
સૌને ખપ તે સસ્તું છે, તે પ્રભુ કૃપા અતુલ્ય;
પંડિત પાણી ને પવન, છે નિર્ધન નિર્મૂલ્ય. ૩

સમજી ખરચ કરે સદા, જેમ કમાય કમાઉ;
કૃપણપણું ન કરે સદા, અતિ નહિ થાય ઉડાઉ. ૧
યોગ્ય ખરચ કરવું ભલું, ભલું અધિક નહિ ભાઇ;
લેખણ ભરી લખવું ભલું, નહિ રેડી રૂશનાઇ. ૨
કરે જગતમાં કરકસર, જુઓ જગતનો ઈશ;
પ્રકાશ ત્રીશ ઘડી કરે, અંધારૂં ઘડી ત્રીશ. ૩
ઈશ્વર પણ કરકસરનો, રાખે રૂડો વિવેક;
અહો અનેક મહિં રચ્યો, દીવો દીવાકર એક. ૪

ચોપાઈ.

જો આવે વિવા કે વરો, ખૂબ ફૂલાવ્યો ફૂલે ખરો;
દેવું કરીને ખરચે દામ, તે નરનું ફૂલણજી નામ. ૧
લખી દેખાડે નાણું લાખ, રોકડમાં ચૂલાની રાખ;
કરે કરોડપતિનાં કામ, તે નરનું ફૂલણજી નામ. ૨
ઓઢે જે ઉનાળે શાલ, ચંદ્ર છતાં ઇચ્છેજ મશાલ;
કારણ વિના કરે ધુમધામ, તે નરનું ફૂલણજી નામ. ૩
દીલાસા તો ખાસા દેજ, બને વખત ત્યાં ફરી બેસેજ;
બકે ખરો પણ દે ન બદામ, તે નરનું ફૂલણજી નામ. ૪
બોલે મોટા મોટા બોલ, તેમાં પૈસાભાર ન તોલ;
લગાર મોઢે નહીં લગામ, તે નરનું ફૂલણજી નામ. ૫
આદરી શક્તિ થકી ઉપરાંત, ખાલી ખોટી રાખે ખાંત;
દિલથી કહે છે દલપતરામ, તે નરનું ફૂલણજી નામ. ૬

દોહરો.

અલખત હાથ ઉડાઉને, વસે ન ઝાઝી વાર;
પતંગ રંગ તણી રહે, ચટક દહાડા ચાર. ૭

વણજારાનો રાગ.

કરજથી ભૂંડું કશું નથી, દિલે ડરજોરે;
હઇડે જો કાંઈ બુદ્ધિ હોય, કરજ નવ કરજોરે.
અંગ ઉધારે ઉપાડતાં, દિલે ડરજોરે;
લેણાદારના થઈને ગુલામ, કરજ નવ કરજોરે. ૧

સઘળાં કથન સાંખવાં પડે, દિલે ડરજોરે;
એથી આબરૂ ખોઇએ આમ, કરજ નવ કરજોરે. ૨
ઓશિયાળા થશો એહના, દિલે ડરજોરે;
વળી થાશો એના વેચાણ, કરજ નવ કરજોરે. ૩
ગભરાટમાં ગભરાવશે, દિલે ડરજોરે;
ગમે તેમ લખાવશે લેખ, કરજ નવ કરજોરે. ૪
કઇકે જોડાવ્યા જમાનને, દિલે ડરજોરે;
વળી વાવ્યાં વ્હાલામાં વેર, કરજ નવ કરજોરે. ૫
દોસ્ત થતાં દેવાદારના, દિલે ડરજોરે;
સુખ સર્વ ખોશો તેની સંગ, કરજ નવ કરજોરે. ૬
કરજ થકી અકળાઇને, દિલે ડરજોરે;
થાય સત્યતાનો સઘ નાશ; કરજ નવ કરજોરે. ૭
વિષમ કરજ છે વિષ થકી, દિલે ડરજોરે;
પુત્ર પૌત્રને પીડા થાય, કરજ નવ કરજોરે. ૮
દેવું કરે તે દેવાળીઓ, દિલે ડરજોરે;
નહીં દેવું તે સાચો શરાફ, કરજ નવ કરજોરે. ૯
એક રામ ચઢતાં થયું, દિલે ડરજોરે;
ધૂળધાણી રાવણનું રાજ, કરજ નવ કરજોરે. ૧૦
સોળ રામ જેને શિર ચઢે, દિલે ડરજોરે;
થાય શી ગતિ દલપતરામ, કરજ નવ કરજોરે. ૧૧

આરતિ ૧ લી.

જયદેવ જયદેવ જય સૃષ્ટિકર્તા, જય સૃષ્ટિ કર્તા;
સંકટ ભય દુઃખ હર્તા (૨), વિશ્વતણા ભર્તા. જય. ૧
સૃષ્ટિ નિયમ સાક્ષાત, નિરખી આનંદું (૨);
જગકર્તા જાણી પ્રભૂ (૨), પ્રેમ થકી વંદું. જય. ૨
અકળ કળા ન કળાય, કરુણામય તારી (૨);
દયા કરી મુજ દીનને (૨), મતિ આપો સારી. જય. ૩
પ્રભૂ છો પરમ કૃપાળ, કાર્ય સફળ કરશો (૨);
સંરક્ષણ કરી મારાં (૨), કષ્ટ સકળ હરશો. જય. ૪
પ્રાતઃ સમય પરમેશ, પ્રભુ પદને વંદું (૨);
સત્કર્મો કરવાનો (૨), વિધિ હું આરંભું. જય. ૫
સદાચાર એ મુખ્ય, છે ભક્તિ તારી (૨);
તુજપર દૃઢ શ્રદ્ધાથી (૨), વૃત્તિ રહો મારી. જય. ૬
દયા ધર્મનું મૂળ, એ નિશ્ચય માનું (૨);
સદા સુધર્માચરણે (૨), રહી નિત્યે ચાલું. જય. ૭
કરી પ્રભુને હું પ્રણામ, ધ્યાન ધરું ચિત્તે (૨);
મંગળ કાર્ય કરાવો (૨), મુજ હસ્તે નિત્યે. જય. ૮

આરતિ ૨ જી.

જયદેવ જયદેવ, જય વિશ્વાધારા (૨);
વિશ્વંભર અવિકારા (૨), વિભુ અપરંપારા. જય૦ ૧
સાક્ષી તમે સર્વત્ર, સત્તા થકી વ્યાપો (૨);
કૃપા કરી સેવકને (૨), મતિ નિર્મળ આપો. જય૦ ૨

સદ્વિદ્યા સદ્જ્ઞાન, સત્સંગો આપો (૨);
અંતર્યામી અમારાં (૨), દુષ્કર્મો કાપો. જય૦ ૩

પ્રભુ ઉપકાર અપાર, સ્મરણુ સદા કરીએ (૨);
જન હિતકારી ક્રિયા કરી (૨), ભવસાગર તરીએ. જય૦ ૪

સંકટ સમયે નાથ, પ્રભૂ આવો વ્હારે (૨);
ભય સર્વે સંહારો (૨), શરણુ અમે તારે. જય૦ ૫

અનુપમ છે ઔદાર્ય, ઉત્તમ ગતિ આપો (૨);
વિશ્વ વિષે વિશ્વેશ્વર (૨), સદ્ધર્મ સ્થાપો. જય૦ ૬

વિનતિ અમે મહારાજ, કરીએ નિત્ય તમને;
ઘટિત મનોર્થ હશે જે (૨), પ્રભુ આપો અમને. જય૦ ૭

કરીએ સર્વ પ્રણુામ, પ્રેમ થકી તમને (૨);
પૂર્ણ કૃપા થકી કરશો (૨), પ્રભુ પાવન અમને. જય૦ ૮

રાજગીત.

(રાગ ખમાચ)

મળી સર્વ ભારતસંતાન એક તાન મન પ્રાણુ
ગાઓ રાજેન્દ્રનાં યશોગાન;
રાજા જ્યોર્જ સુયશ બહુ પામો,
હિતકારક જેનાં સહુ કામો.

રાજપ્રેમ સર્વ સ્થળે, વ્યાપી રહો ધર્મબળે,
દેશ દેશે બ્રિટિશ જ્યાં ધામો.

સૌ મળીને ગાવાનું. ટેક.
થાઓ રાજેન્દ્રનો જય
જય રાજેન્દ્રનો જય
ગાઓ રાજેન્દ્રનો જય
વિજય, વિજય
ગાઓ રાજેન્દ્રનો જય. ૧

ભયમુક્ત થયા સર્વ ભારત નિવાસી,
મહા શત્રુ ગયા સહુ ત્રાસી,
ભારતનો એજ સેતુ, રિપુદલ ધૂમકેતુ,
આર્તબંધુ દુષ્ટતા વિનાસી. થાઓ. ૨

રાજાધિરાજનું રક્ષણ કરજે,
હે જગદીશ દયાનિધિ નિત્યે,
દિન દિન ર્વ દેશે શ્રી સરસ્વતી વધે,
રાજ્યાધિપની કૃપા થકિ સત્યે. થાઓ. ૩

હૃદયેથી સહુ ચહે, મહારાજ સુખી રહે,
રાજા રાણી અને યુવરાજ;
આશીર્વાદ પ્રેમભર્યો દીયો સહુ દેશી જનો,
શતંજીવ શતંજીવ બોલો. થાઓ. ૪

રાજગીત ૨.

રક્ષ દેવ તું મહારાજા.

(૧)

રક્ષ દેવ તું મહારાજા,
બહુ જીવજો પ્રૌઢ રાજા;
રક્ષ દેવ રાજા.
એમને કર જયવંત મસ,
સુખ કીર્તિનો દે યશ;
લબાવ રાજ બહુ વરસ,
રક્ષ દેવ રાજા.

(૨)

ઓ ઈશ જગદીશ તું ઊઠ,
વેરી વિખેરવા રૂઠ;
આણ તેમનો કાળ.
બંધ પાડ દ્વેષ ક્લેશ બધો,
જ્ઞાન ને હુન્નર વધો;
અમ ઘેર જંપ સપ સધો:
કલ્યાણ સર્વ કાળ.

(૩)

ગંજથી દાન શ્રેષ્ઠ તું કર,
વરસુ મહા જયોર્જ ઉપર;
બળ કીર્તિ ક્ષેમ.

રક્ષ રાય સહભિમાને,
એમનુ રાજ્ય પૂજ્ય જાણે;
જ્યાં ત્યાંના લોક આણે,
નામ પ્રત્યે પ્રેમ.

(૪)

તુજ પાંખમાં એમને ધર,
શક્તિમાન રાજેશ્વર;
નાથ મહાજ્ઞાની.
થાય પ્રાર્થના બહુ શુભકાર,
પૂર્વથી પશ્ચિમ પાર;
રાજભક્ત એક દીલ સ્વીકારઃ
રક્ષ દેવ મહારાજા.

રાજગીત ૩.

પ્રભુ રક્ષ જ્યોર્જ મહારાજા,
જીવો જ્યોર્જ પાંચમા રાજા;
કરો અમપર અમલ તાજા, રહો સુખમાંજ મહારાજા. જીવો૦ ૧
સુજશ જેના જગત ગાજ્યા, વધે વેલી સમી માઝા;
અચલ ખૂબ રાજ રહો રાજા. જીવો૦ ૨
પ્રજાનું હિત ધર્યું હૈએ, અદલ ઇનસાફમાં રહીએ;
બ્રિટિશ સુખ શાંતિ ને ચાહીએ. જીવો૦ ૩

કઠણ શબ્દનો કોષ:

અખિલ=આખું, બધું, તમામ.
અગ્નિરથ=આગગાડી, રેલવે.
અચળ=ચળે નહિ એવું, સ્થિર, દૃઢ, કાયમ.
અણચિંત્યાં=અણધાર્યો, ઓચિંતાં, એકાએક.
અતુલ=જેની તુલના ન થાય એવું, બહુજ, અત્યંત.
અતોલ=જેનું તોલ ન થાય એવું, બહુ, પુષ્કળ.
અદ્ભુત=ચમત્કારિક, નવાઈ જેવું, અલૌકિક.
અધિનાથ=ઉપરી, રાજા, પરમેશ્વર.
અનાદિ=જેને આદિ નથી એવું.
અનાદ્યંતા=જેને આદિ તેમજ અંત નથી એવા.
અનુગ્રહ=મહેરબાની, દયા, કૃપા.
અનુવર્ત્તન=અનુસરવું, પાછળ જવું.
અન્નપાન=ખાવાપીવાનું, અન્નજળ.
અન્યોઅન્ય=એકબીજાને, પરસ્પર.
અપકાર=નુકસાન, દ્રોહ, ઇજા.
અબુદ્ધ=અજ્ઞાન, મૂર્ખ.
અભિવંદન=નમન,પ્રણામ, નમસ્કાર.
અમિત=જેનું માપ ન થાય એવું, ઘણું, બહુ.
અમોલ=જેની કીંમત ન થાય એવું, મોંઘું.
અર્ચના=પૂજા.
અલખત=દોલત, પૈસો, દ્રવ્ય.
અલ્પ=થોડું, જરા, રજ.
અવિકારી=વિકાર વિનાનું.
અસન્માર્ગ=નઠારો રસ્તો, કુમાર્ગ, ખોટો રસ્તો.
અહરનિશ=હંમેશ, દહાડો રાત.
અહોનિશ=દહાડો રાત—હમ્મેશ, નિરંતર.
અંતઃશુદ્ધિ=અંતઃકરણની શુદ્ધતા.
અંતસ્થ=અંતરમાં રહેલી, મનની.
આત્મઉન્નતિ=આત્માની ઉન્નતિ, આત્માનો ઉદ્ધાર.
આત્મવત્=પોતાની પેઠે, પોતાના જેવું.
આધીન=તાબે, કબજે. વશ.

આભાર=ઉપકાર, અનુગ્રહ, પાડ.
આભાસ=દેખાવ, ભાસ થવો તે.
ઉત્તમાધિકાર=ઉંચો અધિકાર, સારી લાયકાત.
ઉથાપવું=તોડવું, ભંગ કરવો, ઉલ્લંઘવું.
ઉદ્દગાર=ઓડકાર.
ઉદ્ધરે=તારે, ઉદ્ધાર કરે.
ઉપાસના=પ્રાર્થના, ભક્તિ.
એકાગ્ર=એકજ બિંદુ ઉપર ધ્યાનવાળું.
ઔદાર્યકાર્ય=ઉદારતાનું કામ.
કર=હાથ.
કથન=કહેવું તે.
કરૂણાસાગરા=દયાનો દરીઓ, પરમેશ્વર.
કારજ=કામ, કાર્ય.
કૃપાલ=કૃપાળુ, દયાળુ, મહેરબાન.
કેસુડાં=સુગંધ રહિત ખાખરાનાં ફૂલ.
કોશ=ગાઉ.
કલેશ=કંકાસ.
ખપો=ખપાવો, વાવરો.
ખાંત=હોંશ, ઉમંગ. ખંત.
ગંજ=ઢગલો, રાશિ.
ગ્રહરાજ=ગ્રહોનો રાજા—ચંદ્રમા.
ઘટિત=યોગ્ય, લાયક.
ઘોષ=અવાજ, રણકો.
ઘાત=મરવું તે, હત્યા. ઠારમારવું, મારી નાંખવું.
ચટક=ભભક, તેજી.
જગતકર્ત્તા=જગત બનાવનાર, પરમેશ્વર.
જગતતંત્ર=વિશ્વ સંકલના.
જગન્નિવાસ=જગતમાં રહેલા, પરમેશ્વર.
જગત્રય=ત્રણે જગત, ત્રિલોક.
જગાધિશ=જગતનો રાજા, પરમેશ્વર
જન=માણસ.
જનની=માતા, મા.
જંપ=શાંતિ, નિરાંત.
જીવન=જીવવું તે, જીંદગી.
તત્ક્ષણ=તરત, તેજ પળે.
તાન=ધૂન, લેહ.
તિલમાત્ર=જરાપણ, તલ જેટલું પણ.
તૃષ્ણા=લાલસા, આશા, લલુતા.
ત્રાતા=રક્ષણકર્ત્તા, પાલનહાર.
ત્રિકાળ=ત્રણે કાળ, સવાર, બપોર ને સાંજ.
ત્રિલોક=ત્રણલોક, ત્રણ જગત.
ત્યાગ=છોડી દેવું તે, વૈરાગ્ય. ૨ દાન.

ત્વરિત=જલદી, ઉતાવળે, ઝટ.
દમ=ઇંદ્રિયોને વશ રાખવી તે.
દયાનિધિ=દયાના સાગર, પરમેશ્વર.
દિનમણિ=સૂર્ય, સૂરજ.
દિવાકર=સૂર્ય, સૂરજ.
દિવ્ય=સુંદર, તેજસ્વી.
દીન=ગરીબ, નમ્ર.
દીનબંધુ=ગરીબના મિત્ર જેવા તે–પરમેશ્વર.
દુરિત=પાપ, દુષ્કૃત્ય. ૨ ખરાબ કામ.
દૈવત=સત્વ, સત્તા.
દૈવીજીવો=સ્વર્ગના રહેવાસીઓ, દેવ જેવા જીવો, ઉત્તમ માણસો.
ધણી=સ્વામી, પરમેશ્વર.
ધરણી=પૃથ્વી.
ધીમંતતા=બુદ્ધિમાનપણું.
ધૂમકેતુ=પુંછડીઓ તારો, નાશ કરનારો કાળ.
ધૂર્ત=ઠગારો, ધુતી લે એવો.
ધૃતિ=સાત્વિક, રાજસ અને તામસ એ ત્રણ જાતની મનની ધારણા.
નવીન=નવું.
નિયંતા=ચલાવનાર, નિયમમાં રાખનાર.
નિરર્થક=અર્થ વગરનું, નકામું.
નિર્ધન=ગરીબ, ધન વિનાનું.

નિર્માણ=સંકેત, નક્કી થયેલું.
નિર્મૂલ્ય=કિમ્મત વિનાનું.
નિર્મૂળ=મૂળ વિનાનું.
નિર્વિકારી=જેને વિકાર થતો નથી એવો જન્માદિ છ વિકાર રહિત પ્રભુ.
નિશદિન=રાત દહાડો, હંમેશ.
નિશપતિ=રાત્રિનો સ્વામી, ચંદ્રમા.
નિશમણિ=ચંદ્ર, ચંદ્રમા.
નિશ્ચલ=અચળ, ચળે નહિ એવું.
નિષિદ્ધાચારો=મના કરેલા આચારો.
નિષ્પાપ=પાપ રહિત.
નીભે=ચાલે, ટકી રહે.
નેટ=નક્કી.
નેહ=પ્રેમ, સ્નેહ.
પતિતપાવન=પાપીઓને શુદ્ધ કરનાર, પરમેશ્વર.
પથ્ય=કરી, માંદગીને વખતે ખાવાપીવામાં નિયમ રાખવો તે—પરહેજી.
પરજળે=બળે, સળગે, નાશ પામે.
પરાભક્તિ=શ્રેષ્ઠ ભક્તિ, ઉત્તમ પ્રતિની ભક્તિ.
પંથ=રસ્તો, માર્ગ. ૨ સંપ્રદાય.
પાખંડ=ઢોંગ, ધતીંગ, વેદવિરૂદ્ધ ધર્મ.

પાડ=ઉપકાર, આભાર.
પાવક=અગ્નિ, દેવતા.
પેખવામાં=જોવામાં, દેખવામાં.
પોષણાર્થે=પાળવા માટે, ઉછેરવા સારૂ.
પૌત્ર=છોકરાનો છોકરો.
પ્રતિબોધ=સામો ઉપદેશ, શીખ.
પ્રદીપ્ત=તેજસ્વી, પ્રકાશમાન.
પ્રભા=તેજ, પ્રકાશ.
પ્રાસી=તરસ્યું.
પ્રેમલ=પ્રેમવાળું, સ્નેહાળ.
પ્રેરવું=મોકલવું, ઉત્તેજન આપવું.
પ્રૌઢ=મોટું, ગંભીર.
ફૂલ=બડાઈ, મોટાઈ, ફૂલાઈ જવું તે.
બળહીન=બળવિનાનું, અશક્ત.
બાહ્યાભ્યંતર=બહારનું અને અંદરનું.
બાહ્યાર્ચાઓ=બહારની પૂજા, સેવાઓ.
ભગણો=તારાગણ, ગ્રહ સમૂહ.
ભવપતિ=જગતપતિ, પરમેશ્વર.
ભારતસંતાન=હિંદની રૈયત, હિંદીઓ.
ભૂતદયા=પ્રાણીઓ ઉપરની જે દયા તે.
ભૂપ=રાજા.
ભ્રાંતિ=શંકા, વહેમ, શક, વિભ્રમ.
મત્ત=ઉદ્ધત, મસ્તાન.
મનમલિનતા=મનની મલિનતા, મનનાં પાપ.
મલિન=મેલું, ખરાબ. પાપી.
મસ=ઘણું, બહુ, અત્યંત.
મસ્તાન=બહેકેલ, ફાટેલ, ઉદ્ધત.
મહેશ=મોટા-ઈશ, પરમેશ્વર.
મંગળ=કલ્યાણ, સુખકારક, શુભ.
મિશ્ર=સેળભેળ થયેલું, ભળેલું.
યથાકાળ=બરાબર વખતે, જ્યારે જોઈએ ત્યારે.
યશોગાન=જશ ગાવા તે.
યાચના=પ્રાર્થના, વિનતી, માગણી.
યુવરાજ=પાટવી કુંવર, તિલક કુમાર.
યોજના=રચના, ગોઠવણ.
રાજભક્ત=રાજ ઉપર ભક્તિ રાખનાર, રાજનિષ્ટ.
રાજાધિરાજ=રાજાઓનો ઉપરી, મોટો રાજા.
રાજેંદ્ર=રાજાઓનો ઇંદ્ર, મોટો રાજા.
રાજેશ્વર=રાજાઓનો ઈશ્વર, મોટો રાજા.
રાજ્યાધિપ=રાજ્યનો ઉપરી, મોટો રાજા.

રામ=આના (વ્યાજમાં.)
રાહે=રસ્તે, માર્ગે, ઢાળે, અમુક રાગની રીતે.
રાજ્ઞી=રાણી, મહારાણી.
રિપુ=શત્રુ, દુશ્મન.
રિપુદળ=શત્રુનું જે સૈન્ય તે.
રૂચે=ગમે, ઠીક લાગે, પસંદ પડે.
રૂઢ=કાયમનું, હમ્મેશનું થઈ ગએલું તે.
રોષ=ગુસ્સો, રીસ, ક્રોધ.
લજીએ=લાજીએ, શરમાઈએ.
લય=નાશ.
લવ=જરા, થોડું.
લાલનપાલન=લડાવવું ને પાળવું તે, સારી રીતે ઉછેરવું તે.
લોકાધિનાથ=લોકનો રાજા, પરમેશ્વર
વદું=કહું, બોલું.
વશીકર=વશ કરે તેવું.
વંદું=નમું, પાયે લાગું.
વાયુઆચ્છાદન=વાતાવરણ, વાયુરૂપી જે ઢાંકણ તે.
વારે=સહાયે, મદદે, કુમ્મકે.
વાસના=ઈચ્છા, સામી આશા. લલુતા.
વાહ્યો=છેતર્યો.
વિજય=ફતેહ, જીત, કામમાં પાર ઉતરવું તે.
વિદારો=કાપો, હરો.
વિદિત=જાહેર, જાણીતું, રોશન, માહીત.
વિધાતા=બ્રહ્મા, પરમેશ્વર, સ્રષ્ટા.
વિધાન=વિધિ, રીત, કામ.
વિધિ=ક્રિયા, રીત.
વિશાળ=ઘણું મોટું, વિસ્તીર્ણ.
વિશ્વસિંધુ=વિશ્વરૂપી સમુદ્ર, ભવસાગર.
વિશ્વંભર=વિશ્વનું ભરણપોષણ કરનાર, પરમેશ્વર.
વિશ્વાધીશા=વિશ્વનો રાજા, પરમેશ્વર
વિષમ=મુશ્કેલ, સરખું નહિ તે.
વિષયી=ઝેરી.
વિષાદ=દુઃખ, નાઉમેદી, શોક, ખેદ.
વિજ્ઞપ્તિ=વિનતિ, પ્રાર્થના.
વૃત્તિ=ઈચ્છા, મનનું વલણ.
વેરી=શત્રુ, દુશ્મન.
વ્યોમ=આકાશ, નભ, ગગન.
વ્રત=અમુક જાતનો નિયમ રાખવો તે.
શતંજીવો=સો વર્ષ જીવો એવો વૈદિક આશીર્વાદ.
શરણાગત=શરણે આવેલું.
શુભકાર=સારૂ કરનાર, કલ્યાણ કરનાર.

શ્વાન=કુતરૂં.
સકળ=સઘળું, બધું, તમામ.
સચરાચર=જડ ચૈતન્ય બધુંય.
સચ્ચિદ્દ્ઘન=પરબ્રહ્મ, પરમેશ્વર.
સચ્ચિદાનંદકંદ=પરમેશ્વર.
સત્યવાદી=સાચું બોલનાર.
સદિચ્છા=સારી ઇચ્છા, શુભવૃત્તિ.
સદ્ય=તરત, તાબડતોબ.
સદ્વિચાર=સારો-શુભ વિચાર.
સન્મતિ=સારી બુદ્ધિ.
સમસ્ત=બધું, સઘળું, આખું.
સર્વત્ર=બધે, સર્વ ઠેકાણે.
સર્વાંતર્યામિ=સર્વના અંતરનો જાણ-
નાર, પરમેશ્વર.
સવિતા=સૂર્ય, સૂરજ.
સંચિત=એકઠું કરેલું, ભાગ્ય, નશીબ.
સાજ=પોશાક.
સાષ્ટાંગ=આઠે અંગ વાળીને નમવું
તે, પ્રણામ.
સુકીર્તિ=સારી કીર્તિ, સારી આબરૂ.
સુખકર=સુખ કરે એવું, સુખ આ-
નાર.
સુખપાન=સુખનો અનુભવ લેવો તે.
સૂચવો=બતાવો, દેખાડો.
સૃષ્ટ=સરજેલું, બનાવેલું, ઉત્પન્ન કરેલું.
સ્રષ્ટા=સરજનાર, પરમેશ્વર.
સૃષ્ટિ=દુનિઆં, જગત.
સોહામણું=સુંદર, શોભાવાળું, મઝેનું.
સ્તવન=સ્તુતિ, પ્રાર્થના.
સ્વયંભૂ=પોતાની મેળે ઉત્પન્ન થનાર,
પરમેશ્વર, બ્રહ્મા.
સ્વલ્પ=થોડું, જરા, ટુંકું.
સ્વાર્થ=પોતાનો અર્થ, પોતાનો લાભ
તે.
હિત=લાભ, ભલું.
ક્ષાંતિ=ક્ષમા, માફી, તિતિક્ષા.
ક્ષેમ=કલ્યાણ, સુખસ્થિતિ.
જ્ઞાનનીર=જ્ઞાનરૂપી પાણી.
હુતાશ=અગ્નિ દેવતા.